R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11. Licensed to post without pre-payment Licence No. 001-200 9-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૨ ● તા. ૧૪મી જુલાઈ, ૨૦૧૦ ● અંક નં. ૩૧

# રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ   કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી   સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

**વેબ સાઇટ : www.gujaratinformation.net**   **Phone No. : 079-232-53440**

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ :ગાંધીનગર

### સર્વેયરોની ૪૩૯ જગ્યાઓ માટે ભરતી

**(જાહેરાત ક્રમાંક : ૧૫ થી ૧૭/૨૦૧૦)**

**ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ : ૭-૮-૨૦૧૦**

**જગ્યાની કુલ સંખ્યા : ૪૩૯**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર ધ્વારા મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર હસ્તકની તથા સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના નિયંત્રણ હેઠળની કચેરીઓમાં સર્વેયર સંવર્ગની નીચે દર્શાવેલ જગ્યા પર ઉમેદવાર પસંદ કરવા માટે ઓન-લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj. nic.in વેબસાઈટ પર તા.૧૪/૭/૨૦૧૦ થી તા.૭/૮/૨૦૧૦ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે તાજેતરનો Photograph (10 kb) અને Signature (10 kb) સાઈઝથી વધારે નહિ તે રીતે jpg format માં scan કરી તૈયાર રાખવાનો રહેશે અને પોતાના બધાજ પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે.

❑ સંવર્ગ પ્રમાણે જગ્યા અને પગાર ધોરણની વિગતો નીચે મુજબ છે.

| જા. ક્રમ | ખાતાના વડાનુ નામ | વર્ગ-૩ સંવર્ગ | જનરલ | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જનજાતિ | | સા.શૈ.પ.વર્ગ | | કુલ | ફીક્સ પગાર રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | |
| ૧૫/૨૦૧૦ | મુખ્યનગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સર્વેયર | ૪ | ૨ | - | - | - | - | ૧ | - | ૭ | ૫૦૦૦/- |
| ૧૬/૨૦૧૦ | સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સર્વેયર | ૧૫૩ | ૬૫ | ૧૨ | ૫ | ૪૨ | ૧૮ | ૭૭ | ૩૨ | ૪૦૪ | ૪૫૦૦/- |
| ૧૭/૨૦૧૦ | સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત, રાજ્ય ગાંધીનગર | સર્વેયર (બેકલોગ) | - | - | - | - | ૨૦ | ૦૮ | - | - | ૨૮ | ૪૫૦૦/- |

**નોંધ :-** (૧) જા.નં. ૧૬/૨૦૧૦ ની -૪૦૪- જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે -૪૦- જગ્યાઓ અને એક આંખવાળા વિકલાંગ માટે -૧૨- જગ્યા અનામત છે. (પુરૂષ-૯ જગ્યા, મહિલા -૩ જગ્યા). જા.નં. ૧૭/૨૦૧૦ ની -૨૮- જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે -૦૩- જગ્યાઓ અને એક આંખવાળા વિકલાંગ માટે પુરૂષની -૦૧- જગ્યા અનામત છે. (૨) જા.નં. ૧૭/૨૦૧૦ ફક્ત અનુસુચિત જન જાતિના ઉમેદવાર માટે હોઈ ફક્ત અનુસુચિત જન જાતિના ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.

➢ અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના ઉમેદવારો માટે જ અનામત છે.

➢ મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા તે જ કેટેગરીના લાયક પુરુષ ઉમેદવારથી ભરવામાં આવશે.

➢ માજી સૈનિક તથા વિકલાંગની જગ્યા જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો માજી સૈનિક કેટેગરીમાં લાયક ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

❑ **પગાર ધોરણ :-** (જા.નં. ૧૫/૨૦૧૦ થી ૧૭/૨૦૧૦) નાણાં વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ના તથા તા.૨૯/૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક : ખરચ -૨૦૦૨- ૫૭-ઝેડ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ માટે નિયત ફીક્સ પગાર મળશે અને સામાન્ય વહીવટ વિભાગનાં તા.૪-૬-૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર- ૧૧૨૦૦૮- ૪૩૩૭૧૭ -ગ.૫ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલી વ્યકિત પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના ધારાધોરણ મુજબ મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

❑ **રાષ્ટ્રીયતા :-**ઉમેદવાર ભારતનો નાગરિક હોવા જોઈએ.

❑ **જગ્યાનું નામ : સર્વેયર (જા. ક્રમાંક : ૧૫/૨૦૧૦)**

❑ **વયમર્યાદા : શૈક્ષણિક લાયકાત :**

♦ તા.૭/૮ /૨૦૧૦ના રોજ ઉમેદવાર ૨૮ વર્ષથી વધુ ઉંમરનો ન હોવો જોઈએ.

♦ ઉમેદવારે માન્ય યુનિવર્સિટી અથવા સરકારે માન્ય કરી હોય તેવી સંસ્થામાંથી સિવિલ એન્જિનિયરીંગનો ડિપ્લોમા અથવા આર્કિટેકચર ડિપ્લોમાનું પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઈએ. અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

**નોંધ :-** ગુજરાત સામાન્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ મુજબ રાજ્ય સરકારમાં હાલ સેવા બજાવતા નિયમિત પગારધોરણ મેળવતા કર્મચારીઓ ઉમેદવારી નોંધાવશે તો તેવા તેમજ વિશેષ સારી લાયકાત અથવા અનુભવ અથવા બન્ને ધરાવતા હોય તેવા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમો મુજબની છુટછાટ મળશે.

❑ **જગ્યાનું નામ : સર્વેયર (જા. ક્રમાંક : ૧૬/૨૦૧૦)**

❑ **વયમર્યાદા : શૈક્ષણિક લાયકાત :**

♦ તા.૭/૮/૨૦૧૦ના રોજ ઉમેદવારની ઉમર ૧૮ વર્ષથી ઓછી અને ૨૮ વર્ષથી વધુ ના હોવી જોઈએ.

♦ (૧) ઉમેદવાર સરકારે માન્ય કરેલ સંસ્થામાંથી સિવિલ એન્જિનિયરીંગમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે. **અથવા** (૨) સરકારે માન્ય કરેલી ઔદ્યોગીક તાલીમ સંસ્થામાંથી ૨૪ મહિનાનો "સર્વેયર" નો અભ્યાસક્રમ પાસ કરેલ હોવો જોઈશે.

♦ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય નિયમો - ૧૯૬૭) માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.

♦ ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

**નોંધ :-** ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉ ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

❑ **જગ્યાનું નામ : સર્વેયર (બેકલોગ) જા. ક્રમાંક : ૧૭/૨૦૧૦**

❑ **વયમર્યાદા : શૈક્ષણિક લાયકાત :**

♦ તા.૭/૮/૨૦૧૦ના રોજ ઉમેદવારની ઉમર ૧૮ વર્ષથી ઓછી અને ૨૮ વર્ષથી વધુ ના હોવી જોઈએ.

♦ (૧) ઉમેદવાર સરકારે માન્ય કરેલ સંસ્થામાંથી સિવિલ એન્જિનિયરીંગમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે. અથવા (૨) સરકારે માન્ય કરેલી ઔદ્યોગીક તાલીમ સંસ્થામાંથી ૨૪ મહિનાનો "સર્વેયર" નો અભ્યાસક્રમ પાસ કરેલ હોવો જોઈશે.

♦ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય નિયમો - ૧૯૬૭) માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.

♦ ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

**નોંધ :-** ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉ ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

❑ **વયમર્યાદામાં છૂટછાટ :-** અનામત ઉમેદવારોને તથા મહિલા ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છુટછાટ મળવાપાત્ર છે.

♦ મુળ ગુજરાતનાં હોય તેવા અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સા.શૈ.પ.વર્ગના પુરૂષ ઉમેદવારને ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

♦ બિન અનામત વર્ગના મહિલા ઉમેદવારને પાંચ વર્ષની તથા તમામ અનામત વર્ગના મહિલા ઉમેદવારને દસ વર્ષની ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

♦ ૪૦% કે તેથી વધુ અપંગતા ધરાવતાં ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં દસ વર્ષની છુટછાટ મળશે.

♦ માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થલ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ ધરાવતાં હોય તો ઉપલી વયમર્યાદા તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત તે ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે.

♦ સા.શૈ.પ.વર્ગના ઉમેદવારો નાણાંકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦ નું નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ તા.૧/૪/૨૦૧૦ થી તા.૭/૮/૨૦૧૦ દરમ્યાનનું ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છુટછાટનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. જે કિસ્સામાં વયમર્યાદા અને અનામતનો લાભ નહી મળે. ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઈ પણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈશે નહિ.

❑ **કોમ્પ્યુટરની જાણકારી :- (જાહેરાત ક્રમાંક : ૧૫ થી ૧૭ ૨૦૧૦માટે)**

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહિવટ વિભાગના તા. ૧૩-૮-૨૦૦૮ ના સરકારી ઠરાવ નંબર-સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. **અથવા** સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં ➔

- ➔ કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ **નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની** પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર **નિમણૂક મેળવતા પહેલા** અચૂક રજૂ કરવાનું રહેશે. અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં. **તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી 'રદ' કરશે.**

- ❑ શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા/વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ :- (જાહેરાત ક્રમાંક : ૧૫ થી ૧૭ / ૨૦૧૦ માટે)

- ♦ જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને નોન ક્રીમીલેયર સર્ટીફિકેટ અને અન્ય જરૂરી લાયકાત માટે તા. ૭-૮-૨૦૧૦ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

- ❑ **અરજી કરવાની રીત :-** આ જાહેરાતના સંદર્ભમાં મંડળ ધ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તારીખ :૧૪/૭/૨૦૧૦ થી તા.૭/૮/૨૦૧૦ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે

- ♦ સૌ પ્રથમ http://ojas.guj.nic.in પર જવું. હવે
- ♦ "Apply On line" Click કરવું.
- ♦ "Surveyor" પર click કરવાથી જગ્યાની વિગતો મળશે.
- ♦ તેની નીચે "Apply now" પર click કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહિ લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- ♦ Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવા માટે "Educational Qualifications" પર click કરવું.
- ♦ જો વધુ લાયકાત દર્શાવવા માંગતા હો તો "Add more education" પર click કરવું.
- ♦ તેની નીચે "Self declaration" પર click કરવું. ત્યારબાદ
- ♦ ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.
- ♦ હવે "save" પર click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે.
- ♦ અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- ♦ હવે Upload Photograph પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઊંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (૧૦ kb) સાઈઝથી વધારે નહિ તે રીતે computer માં હોવા જોઈએ.) "browse" button પર click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.
- ♦ હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ Ok પર click કરવાથી ત્રણ બટન (૧) ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવું. કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.
- ♦ હવે print application પર click કરવું. અહીં તમારો confirmation number ટાઈપ કરવો અને print પર click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી.

- ❑ **પરીક્ષા ફી :- બિન અનામત વર્ગના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.** ૧. બિનઅનામત પુરૂષ / મહિલા ઉમેદવારોએ પરીક્ષા સમયે પરીક્ષા ફી પેટે રૂા.૧૦૦/- નો પ્રાથમિક લેખિત કસોટી (કવોલીફાઇંગ ટેસ્ટ) પરીક્ષાની તારીખ નકકી થયા બાદ ખરીદેલ અને સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના નામનો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર સાથે લાવવાનો રહેશે અને પરીક્ષા હોલમાં ઈન્વીજીલેટરને સોંપવાનો રહેશે. (ફી રોકડમાં કે ડિમાન્ડ ડ્રાફટમાં સ્વીકારવામાં આવશે નહિ) **પરીક્ષા ફી અંગે ભારતીય પોસ્ટલ ઓર્ડર વગર આવેલ બિન અનામત વર્ગના ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.** ૨. મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની નથી. ૩. અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહિ.

- ❑ **સામાન્ય શરતો :-** (૧) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.(૨)અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ.(૩) બિનઅનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. (૪) (૧) સા. અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક) ના નમુનામાં તા.૩૧/૩/૨૦૧૦ ના રોજ પુરા થયેલ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માટેનું અર્થાત તા.૧/૪/૨૦૧૦ પછીની તારીખનું અસલ પ્રમાણપત્ર મૌખિક કસોટીના સમયે મંડળને રૂબરૂ રજુ કરવાનું રહેશે. (૨) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે. (૩) જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આ અસલ પ્રમાણપત્ર મૌખિક કસોટી સમયે રજુ કરેલ નહિ હોય તો તેમજ બિન અનામત જગ્યા માટે ઉમેદવારી નોંધાવેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવાશે નહિ. (૪) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ. (૫) એક જાહેરાત માટે જો એકથી વધુ અરજી મળેલ હશે તો એકપણ અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ. (૬) સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ તે સમયે અને ત્યારબાદ પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત મંડળની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં મંડળની કચેરીમાં રજુ કરવાના રહેશે. (૭) મંડળ તરફથી આપવામાં આવતી નવી સુચનાઓ જોવા માટે જાહેરાતમાં દર્શાવેલ વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું.

**નોંધ** :- સર્વેયર સંવર્ગ વર્ગ-૩ ની જગ્યાના ભરતી નિયમો, ફી, વયમર્યાદામાં છુટછાટ, તેમજ જાહેરાતની અન્ય વધુ વિગતો મંડળની કચેરીના નોટિસ બોર્ડ અને વેબસાઈટwww.gswan.gov.in તેમજ વિગતવાર જાહેરાત ''ગુજરાત રોજગાર સમાચાર'' ની વેબસાઈટ www.gujartinformation.net ઉપર પણ ૧૪-૭-૧૦થી જોવા મળી શકેશે. ઉકત જાહેરાતની વિગતો તેમજ ઓનલાઈન અરજી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે **મંડળની હેલ્પલાઈનના ટેલીફોન નંબર : ૦૭૯ ૨૩૨ ૫૩૬૨૩ પર સંપર્ક કરી શકાશે.**

- ❑ **પરીક્ષા પદ્ધતિ(જાહેરાત ક્રમાંક : ૧૫ થી ૧૭/૨૦૧૦ માટે)**

**(ક) પ્રાથમિક લેખિત કસોટી-** (ક્વોલીફાઈંગ ટેસ્ટ)

**કુલ ગુણ : ૧૦૦, કુલ પ્રશ્નો : ૧૦૦, સમય : ૧ કલાક**

- ♦ મંડળ દ્વારા નિયત સમય મર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોને પ્રાથમિક લેખિત કસોટીમાં ઉપસ્થિત રહેવા દેવામાં આવશે.
- ♦ પ્રાથમિક લેખિત કસોટી જે તે જગ્યાના ભરતી નિયમો મુજબની શૈક્ષણિક લાયકાત તથા સામાન્ય જ્ઞાન આધારીત ઓ. એમ.આર.(ઓપ્ટિકલ માર્કસ રીડીગ) પધ્ધતિની રહેશે.
- ♦ પ્રાથમિક લેખિત કસોટીમાં સામાન્ય જ્ઞાન તથા શૈક્ષણિક લાયકાતના વિષય સંબધી જ્ઞાનની ચકાસણી થશે. સામાન્ય જ્ઞાનના વિષયમાં સામાન્ય જ્ઞાન, સાંપ્રત પ્રવાહો, ગુજરાતી, અંગ્રેજી ભાષા, ગણિત, વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ વિગેરે વિષય પરત્વેના ઉમેદવારોના સામાન્ય જ્ઞાનની ચકાસણી થશે.
- ♦ પ્રાથમિક લેખિત કસોટી (ક્વોલીફાઈંગ ટેસ્ટ) લાયકી પરીક્ષા હોવાથી પ્રાથમિક લેખિત કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણ પસંદગી / પ્રતિક્ષા યાદી તૈયાર કરતી વેળાએ ધ્યાને લેવામાં આવશે નહી.
- ♦ લેખિત કસોટીમાં મંડળ કેટેગરીવાર ઠરાવે તે લઘુત્તમ લાયકી ગુણ પ્રાપ્ત કરે તેવા ઉમેદવારોને મૌખિક કસોટી માટે લાયક ઠરાવવામાં આવશે.
- ♦ જગ્યાના પ્રમાણમાં મળેલ અરજીપત્રકો ને આધારે પ્રાથમિક લેખિત કસોટી (ક્વોલીફાઈંગ ટેસ્ટ) લેવી કે સીધી મૌખિક કસોટી (ઈન્ટરવ્યૂ) લેવી તે અંગેનો નિર્ણય મંડળ લેશે.

**(ખ) મૌખિક કસોટી- કુલ ગુણ -૧૦૦**

પ્રાથમિક લેખિત કસોટી (ક્વોલીફાઈંગ ટેસ્ટ) લેવાના કિસ્સામાં મંડળ ઠરાવે તે લઘુતમ લાયકી ગુણ પ્રાથમિક લેખિત કસોટીમાં મેળવનાર ઉમેદવારને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે. જાહેરાતમાં દર્શાવેલ ખાલી જગ્યા સામે પૂરતા પ્રમાણમાં અરજીઓ નહી મળવાના સંજોગોમાં મંડળ સીધી મૌખિક કસોટી યોજશે. મૌખિક કસોટીના કુલ-૧૦૦ ગુણ રહેશે. ઉમેદવારે ફકત મૌખિક કસોટીમાં મેળવેલ ગુણને આધારે મંડળ દ્વારા કેટેગરીવાર મેરિટનાં અગ્રતાક્રમ મુજબ કેટેગરીવાર ખાલી જગ્યા ઉપર જે તે કેટેગરીના લાયક ઉમેદવારને નિમણૂક માટે ફાળવવા પસંદગી યાદી/પ્રતિક્ષા યાદી જાહેર કરવામાં આવશે. પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાનો મંડળનો હકક અબાધિત રહેશે.

- ❑ **સામાન્ય સૂચનાઓ-**

- ♦ મંડળ જે કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે, (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છૂપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે, (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે, (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે, (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે, (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણુંક કરવા માટે,(૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે, અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાની કોઇપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઇપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે.
- ♦ ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઇ પણ વિગત અને મૌખિક કસોટી સમયે ઉમેદવારે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા 'રદ' કરવામાં આવશે. તેમજ મૌખિક કસોટી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂક થયેલ ગશે તો પસંદગી/નિમણૂક મંડળ દ્વારા કોઈ પણ તબક્કે 'રદ' કરવામાં આવેશે
- ♦ મંડળ દ્વારા લેવાનાર પ્રાથમિક લેખિત કસોટી (ક્વોલીફાઈંગ ટેસ્ટ) / રૂબરૂ મુલાકાતમાં ઉત્તિર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂક માટેનો હકક મળી જતો નથી. નિમણૂક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે.
- ♦ પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂક મેળવવાને પાત્ર થશે.
- ♦ ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહી, નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારું તે યોગ્ય જણાતો નથી તો તેને પડતો મૂકી શકાશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
- ♦ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મૂલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો -૧૯૬૭ અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

- ❑ આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

**સચિવ** ●

# પ્રસાર ભારતી

## એન્જિનિયરીંગ આસિસ્ટન્ટસની ભરતી

**પ્રસાર ભારતી-બ્રોડકાસ્ટીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ઓલ ઈન્ડિયા રેડિયો / દૂરદર્શન કેન્દ્રો/LPTV રીલે કેન્દ્રોમાં એન્જિનિયરીંગ આસિસ્ટન્ટ તરીકે ભરતીનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રસાર ભારતીનું નેટવર્ક સમગ્ર ભારતમાં પાંચ ઝોનમાં વહેંચાયેલું છે. જેમાં ઉત્તર, પૂર્વ, ઉત્તર-પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ઝોનનો સમાવેશ થાય છે. ગુજરાતનો સમાવેશ પશ્ચિમ ઝોનમાં થાય છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨-૦૮-૨૦૧૦**

**જગાની સંખ્યા : ૧૨૮**

**લેખિત પરીક્ષાની તારીખ : ૨૪-૧૦-૨૦૧૦**

❑ **જગાની સંખ્યા :**

| કક્ષા | જગા | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | ઉત્તર ઝોન | પૂર્વ ઝોન | ઉ.પૂ. ઝોન | પશ્ચિમ ઝોન | દક્ષિણ ઝોન | |
| અનુ. જાતિ | ૦૨ | - | ૧૫ | ૧૧ | ૨૪ | ૫૨ |
| અ.જ.જાતિ | ૦૨ | - | ૦૭ | ૦૪ | ૧૯ | ૩૨ |
| અ. પ. વ. | ૧૦ | -- | ૦૩ | ૦૩ | ૦૨ | ૧૮ |
| સામાન્ય | ૧૪ | ૦૧ | ૦૧ | ૦૫ | ૦૫ | ૨૬ |
| **કુલ** | **૨૮** | **૦૧** | **૨૬** | **૨૩** | **૫૦** | **૧૨૮** |

❋ કુલ જગ્યાઓ પૈકી ઉ.પૂ. ઝોનમાં ૦૧ જગ્યા, ઉત્તર ઝોનમાં ૦૧ જગ્યા શારીરિક ખોડ ખાંપણ ધરાવતા ઉમેદવારો માટે અનામત છે. જ્યારે, દક્ષિણ ઝોનમાં ૦૧ જગ્યા અને પશ્ચિમ ઝોનમાં ૦૧ જગ્યા એક્સ સર્વિસમેન ઉમેદવારો માટે અનામત છે.

❋ કુલ ૧૨૮ જગ્યાઓ પૈકી ૭૪ જગ્યાઓ (અ.જા.-૪૮, અ.જ.જા.-૨૬) બેકલોગ જગ્યાઓ છે.

❋ અંશત બહેરાશ (PD) અને સાધારણ શારીરિક ખોડ ધરાવનાર ઉમેદવારો જ શા.ખો.ખાં. કેટેગરી માટે અરજી કરી શકશે. દ્દષ્ટિની ખામી ધરાવનાર, સંપૂર્ણ બહેરાશ ધરાવનાર ઉમેદવાર અરજી કરવાપાત્ર નથી.

❋ દર્શાવેલ જગાઓની સંખ્યામાં વધારો-ઘટાડો થઈ શકે છે.

❑ **પગાર ધોરણ :** રૂા. ૯૩૦૦-૩૪૮૦૦ + રૂા. ૪૨૦૦ ગ્રેડ પે તથા અન્ય મળવાપાત્ર ભથ્થાંઓ.

❋ **વર્ગીકરણ :** પ્રસાર ભારતીના કર્મચારીઓ માટે શરતી નિમણૂકનું ધોરણ લાગુ પડશે.

❑ **લાયકાત :**

❋ **આવશ્યક :** ભારત સરકાર દ્વારા માન્ય રેડિયો/ટેલી કોમ્યુનિકેશન/ ઈલેક્ટ્રિકલ/ઈલેક્ટ્રોનિક્સ/ઈન્ફોર્મેશન ટેકનોલોજી/ઈલેક્ટ્રિકલ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગનો ત્રણ વર્ષનો ડિપ્લોમા **અથવા** માન્ય યુનિવર્સિટીમાંથી ફિઝિક્સ એક વિષય સાથે ડિગ્રી **અથવા** માન્ય યુનિવર્સિટીમાંથી (ઉપર દર્શાવેલ ડિપ્લોમા શાખાઓમાંથી) સંબંધિત એન્જિનિયરીંગ શાખાની ડિગ્રી અથવા તેની સમકક્ષ ડિગ્રી **અથવા** ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા પુના દ્વારા એનાયત થયેલ સાઉન્ડ રેકોર્ડીંગ એન્ડ સાઉન્ડ એન્જિનિયરીંગનો ડિપ્લોમા.

❋ **ઈચ્છનીય :** વાયરલેસ/રેડિયો એન્જિનિયરીંગનું જ્ઞાન.

❑ **વયમર્યાદા :** ૨-૮-૨૦૧૦ ના રોજ ૧૮ થી ૨૭ વર્ષ

❋ **વયમર્યાદામાં છૂટછાટ :**

❋ અ.જા./અ.જ.જા. વર્ગને પાંચ વર્ષ❋ અ.પ.વ.ના ઉમેદવારોને ૩ વર્ષ ❋ વિભાગના સામાન્ય વર્ગના ઉમેદવારોને ૪૦ વર્ષની વય સુધી ❋ વિભાગના અ.જા./અ.જ.જા. ઉમેદવારોને ૪૫ વર્ષની વય સુધી ❋ શા.ખો.ખાં. ધરાવનાર - સામાન્ય વર્ગના ઉમેદવારો માટે ૧૦ વર્ષ, અ.જા./અ.જ.જા. માટે ૧૫ વર્ષ❋ એક્સ સર્વિસમેન ઉમેદવારને સેવાના વર્ષો ઉપરાંત ત્રણ વર્ષની છૂટ

❋ એક્સ સર્વિસમેન તરીકેનો દરજ્જો મેળવી હાલમાં સરકારી સેવામાં ફરજ બજાવતા એક્સ સર્વિસમેન વધુ ઉચ્ચ હોદ્દો ધારણ કરવા વયમર્યાદામાં છૂટ મેળવવા લાયક છે પરંતુ એક્સ સર્વિસમેન તરીકે જગામાં અનામતનો લાભ મેળવવા લાયક ગણાશે નહિ.

❋ વય મર્યાદામાં છૂટછાટનો લાભ એવાં જ વિભાગીય કર્મચારીઓને મળશે કે જેમણે તા. ૨-૮-૨૦૧૦ના રોજ ઓલ ઈન્ડિયા રેડિયો, દૂરદર્શન, કેન્દ્રિય માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળના અન્ય માધ્યમોમાં ટેક્નિશીયન/સીનિયર ટેક્નિશીયન અથવા તેની સમકક્ષ જગા ઉપર સળંગ ત્રણ વર્ષની નોકરી પૂર્ણ કરી હોય.

❋ **કામનો પ્રકાર :** ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શનના વિવિધ કેન્દ્રો ઉપર આવેલા રેડિયો/ટી.વી. સહિતના ઈલેક્ટ્રિકલ/ ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોની જાળવણી અને સંચાલનની જવાબદારી. નિમણૂક મેળવનારે શીફ્ટમાં કામ કરવાનું રહેશે. તેણે પસંદ કરેલા ઝોનમાં ગમે ત્યાં તેની બદલી થઈ શકશે.

❑ **પસંદગી માટેની પ્રક્રિયા :**

❋ ઉમેદવારની પસંદગી લેખિત પરીક્ષા દ્વારા કરવામાં આવશે. લેખિત પરીક્ષા **તા. ૨૪-૧૦-૨૦૧૦ના રોજ સવારે ૧૧-૦૦** વાગ્યે બે કલાક માટે નક્કી થયેલાં પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાશે.

❋ લેખિત પરીક્ષામાં ૪૦૦ ગુણનું મુખ્ય એક પેપર રહેશે. જેમાં ૧૭૫ હેતુલક્ષી પ્રશ્નો ત્રણ વર્ષના ડિપ્લોમા કોર્સિસ/બી.એસસી. (ફિઝિક્સ)ના અભ્યાસક્રમમાંથી તથા બાકીના ૨૫ પ્રશ્નો જનરલ નોલેજ અને સાંપ્રત ઘટનાઓને લગતાં હેતુલક્ષી પ્રકારના રહેશે. દરેક પ્રશ્ન બે ગુણનો રહેશે.

❋ **ખોટા જવાબો માટે નકારાત્મક ગુણ આપવામાં આવશે. દરેક ખોટા જવાબ માટે એક ગુણ કપાશે.**

❑ **અરજી કેવી રીતે કરશો ?**

➢ જાહેરાતમાં દર્શાવવામાં આવેલ પરીક્ષા કેન્દ્રોની સાથે દર્શાવવામાં આવેલ એસ.બી.આઈ.ની શાખામાંથી નિયત OMR Application Forms મેળવીને ભરવાના રહેશે.

➢ અરજીફોર્મ **તા. ૩૦-૭-૨૦૧૦** સુધીમાં એસ.બી.આઈ.ની મુખ્ય શાખામાંથી રૂબરૂમાં અથવા દર્શાવેલ સરનામેથી દિલ્હીથી ટપાલથી મેળવી શકાશે.

➢ **રૂબરૂમાં અરજીફોર્મ મેળવવાની રીત :** રૂબરૂમાં અરજીફોર્મ મેળવવા માગતા ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવેલ એસ.બી.આઈ.ની મુખ્ય શાખામાંથી અરજી ફી તરીકે રૂા. ૧૦૦/- રોકડા ચૂકવીને (અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં./એક્સ સર્વિસમેન ઉમેદવારો માટે રૂા. ૨૫/-) **તા. ૩૦-૭-૨૦૧૦** સુધીમાં મેળવી શકાશે. અ.જા./અ.જ.જા./ શા.ખો.ખાં./એક્સ સર્વિસમેન ઉમેદવારોએ અરજીફોર્મ મેળવવા માટે જાતિનો દાખલો/તબીબી પ્રમાણપત્ર/ડિસ્ચાર્જ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજૂ કરવી જરૂરી છે. ઉમેદવારોએ હેન્ડલીંગ ચાર્જ રૂપે અરજી ફી ઉપરાંત વધારાના રૂા. ૧૦/- રોકડા ચૂકવવાના રહેશે.

➢ **ટપાલથી અરજીફોર્મ મંગાવવાની રીત :** ટપાલથી અરજીફોર્મ મેળવવા માગતા ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરમાં લખેલો વિનંતીપત્ર સાથે રાખી, સ્વયંનું સરનામું લખેલ ૧૪"×૧૦" સાઈઝનું રૂા. ૩૨/-ની ટિકિટ લગાડેલું પરબીડિયું તથા રૂા. ૧૦૦/- નો (અ.જા./ અ.જ.જા./શા.ખો.ખાં./એક્સ સર્વિસમેન માટે રૂા. ૨૫/) નો ડિમાન્ડ ડ્રાફ્ટ 'Prasar Bharti (BCI)'ના નામે અને નવી દિલ્હી ખાતે ચૂકવવાપાત્ર તૈયાર કરી **Chief Engineer (Training), Staff Training Institute (Technical), AIR & Doordarshan, Kingsway, Delhi-110009** ને તા. ૩૦-૭-૨૦૧૦ સુધીમાં મોકલીને મેળવી શકાશે.

➢ ડી.ડી.ની પાછળ ઉમેદવારે સ્વયંનું નામ અને સરનામું લખવું. અરજીફોર્મ મગાવવાના કવર પર **'Recruitment of Engineering Assistants-2010** લખવું

❋ અરજી ફોર્મમાં દર્શાવેલ સુચનાઓનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

❋ ઉમેદવારે પાંચ ઝોનમાંથી કોઈ એક ઝોન પસંદ કરવાનું રહેશે. પસંદ કરેલ ઝોન અરજી ફોર્મમાં દર્શાવવાનું રહેશે. એક કરતાં વધુ ઝોન દર્શાવનાર ઉમેદવારની અરજી રદ થવા પાત્ર છે. એકવાર ઝોન પસંદ કર્યા પછી તે બદલી શકાશે નહીં.

❋ ઉમેદવાર તેના રહેણાંકથી નજીકનું પરીક્ષા કેન્દ્ર પસંદ કરી શકે છે. આમ છતાં અનિવાર્ય સંજોગો સર્જાશે તો ઉમેદવારને અન્ય કેન્દ્ર ફાળવવામાં આવશે.

❋ પરીક્ષા જ્યાં યોજાવાની છે તે શહેરોના નામ જણાવવામાં આવ્યા છે, પરંતુ ખરેખર પરીક્ષા જ્યાં યોજાવાની છે તે શહેરોના નામ એડમીટ કાર્ડમાં દર્શાવવામાં આવશે.

❋ અરજી ફોર્મમાં તાજેતરમાં પડાવેલો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડવાનો રહેશે (પીન મારવી નહીં).

❋ **અનુ. જાતિ/અ.જ.જા. અંગેનું પ્રમાણપત્ર, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાતની પ્રમાણિત નકલો OMR અરજી સાથે જોડવાની જરૂર નથી. બધા અસલ પ્રમાણપત્રો નિમણૂક પહેલા ચકાસવામાં આવશે.**

❋ ઉમેદવારે રજૂ કરેલા પ્રમાણપત્રો ખોટા માલુમ પડશે તો પસંદગી પ્રક્રિયાના કોઈપણ તબક્કે ઉમેદવારી અથવા નિમણૂક રદ કરવામાં આવશે.

❋ સંપૂર્ણ ભરાયેલ અરજી ફોર્મ મોકલવાનું સરનામું : (ગુજરાત સહિત પશ્ચિમ ઝોન પસંદ કરનાર માટે)

**The Chief Engineer (WZ), AVM**
**All India Radio & Doordarshan,**
**101, M K Road,**
**Mumbai-400 020 (Zone Code-4)**

❋ ભરાયેલ અરજી ફોર્મ ટપાલથી અથવા કુરીયરથી અથવા રૂબરૂ **તા. ૨-૮-૨૦૧૦**ના રોજ સાંજે ૪-૦૦ વાગ્યે કે તે પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

❋ અરજી ફોર્મ ઉપર દર્શાવેલ સરનામે જ મોકલવાના છે. પરીક્ષા કેન્દ્રો સામે દર્શાવેલા સરનામે મોકલવાના નથી.

❋ ઉમેદવાર દર્શાવેલ સરનામે રાખવામાં આવેલ બોક્સમાં પણ રૂબરૂ અરજી નાખી શકે છે.

❋ ઉમેદવારોએ અરજી ફોર્મમાં દર્શાવેલ સીરીયલ નંબર સાબિતીરૂપે સાચવી રાખવા સલાહ આપવામાં આવે છે.

❋ અધૂરાશવાળી, સુચનાઓનો ભંગ કરતી તથા નિયત તારીખ બાદ મળેલી અરજીઓ રદ કરવામાં આવશે. આ અંગે કોઈપણ પત્રવ્યવહાર વિચારણામાં લેવાશે નહીં.

❑ **અન્ય સુચનાઓ :**

❋ યોગ્યતા ધરાવતા દરેક ઉમેદવારને અન્ડર સર્ટિફિકેટ ઓફ પોસ્ટીંગ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૦ના બીજા સપ્તાહમાં એડમીટ કાર્ડ રવાના કરવામાં આવશે. ❋ લેખિત પરીક્ષાના દિવસે પરીક્ષાના સ્થળે નિયત સમયના અડધો કલાક પૂર્વે ઉમેદવારે એડમીટ કાર્ડ સાથે પરીક્ષા અધિક્ષક સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે. ❋ એડમીટ કાર્ડ વિના ઉમેદવારને પરીક્ષા ખંડમાં પ્રવેશવા દેવાશે નહીં. ❋ પરીક્ષાના નિર્ધારિત સમયપત્રકમાં કોઈ ફેરફાર થશે તો **www.allindiaradio.gov.in** અને **www.ddindia.gov.in** નામની વેબસાઈટ પર જણાવવામાં આવશે. તદ્ઉપરાંત ઓલ ઈન્ડિયા રેડિયો-દૂરદર્શન ઉપરથી પણ જાહેરાત કરવામાં આવશે. ❋ઉત્તરવહી OMR નમૂના મુજબની રહેશે તેની સાથે આપેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ❋ જવાબો લખવા માટે ઉમેદવાર બોલ પેન અથવા એચબી પેન્સિલનો ઉપયોગ કરી શકે છે. ❋ પરીક્ષા ખંડમાં કેલક્યુલેટર, સ્લાઈડ રૂલર્સ લઈ જઈ શકાશે, પરંતુ કોઈપણ મોબાઈલ કોમ્યુનિકેશન જેવા કે સેલ ફોન, પેજર વગેરે લઈ જવાની મનાઈ છે. ❋ અન્ય કોઈ નોકરી ન કરતાં હોય તેવા અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોને જ રહેઠાણના સ્થળથી પરીક્ષા કેન્દ્ર સુધી આવવા-જવાનું ટૂંકા અંતરનું સ્લીપર સેકન્ડ કલાસનું રેલવે ભાડું અથવા સામાન્ય બસ ભાડું મળવાપાત્ર છે. આ માટે ઉમેદવારે પરીક્ષા કેન્દ્ર ઉપર મુસાફરી કર્યાની સાબિતીરૂપે રેલવે/બસ ટિકિટ રજૂ કરવાની રહેશે. કેન્દ્રના કંટ્રોલર દ્વારા આવા પ્રવાસની ચૂકવણી અંગેનો નિર્ણય આખરી ગણાશે. ❋ પરીક્ષાનું પરિણામ ઝોન પ્રમાણે અલગથી એમ્પ્લોયમેન્ટ ન્યુઝમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. પરિણામ સંબંધી કોઈપણ પત્રવ્યવહાર જે તે ઝોનના ઝોનલ ચીફ એન્જિનિયરને ઉદ્દેશીને કરવાનો રહેશે. પત્રમાં રોલ નંબર અને કેન્દ્રનું નામ ઉપરના ખૂણે ખાસ મોટા અક્ષરે જણાવવું.

❑ **પરીક્ષા કેન્દ્રોના નામ અને એસ.બી.આઈ. શાખાનું નામ :**

**નોંધ :** દર્શાવેલ સરનામા માત્ર અરજી ફોર્મ મેળવવા માટે જ છે. લેખિત પરીક્ષા માટેના અંતિમ સ્થળની જાણ એડમીટ કાર્ડમાં કરવામાં આવશે.

**TABLE - 1**

| State | Examination Centre | Name of Cities for purchasing of Application Forms From Main Branch of State Bank of India |
|---|---|---|
| (1) | (2) | (3) |
| Maharashtra | Mumbai, Nagpur, Pune | Mumbai/Pune/Nagpur/ Kolhapur/Jalgaon/ Aurangabad/Chandrapur |
| Gujarat | (29) Ahmedabad, (30) Rajkot | Ahmedabad/Surat/Rajkot/ Bhuj |
| Madhya Pradesh | Bhopal Jabalpur | Indore/Bhopal/Jabalpur/ Gwalior/Rewa |
| Chattisgarh | Raipur Jagdalpur | Raipur/Jagdalpur/ Ambikapur |
| Goa | Panaji | Panaji |

**નોંધ :** ***અન્ય પરીક્ષા કેન્દ્રોના નામ અને એસ.બી.આઈ.ની શાખાના નામ જોવા માટે તા. ૧૯-૭-૨૦૧૦નું એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ જોવા વિનંતી.***

# બેંક ઓફ મહારાષ્ટ્ર : પુણે

## ક્લાર્કની ૬૫૦ જગ્યાઓ માટે ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૪-૦૭-૨૦૧૦**

❑ **જગ્યાની વિગત :** મહારાષ્ટ્ર-૪૯૫, (અ.જા.-૫૦, અ.જ.જા.-૪૫, અ.પ.વ.-૧૩૩, સામાન્ય-૨૬૭), ગુજરાત-૧૬ (અ.જા.-૦૧, અ.જ.જા.-૦૨, અ.પ.વ.-૦૪, સામાન્ય-૦૯), મધ્યપ્રદેશ-૨૪ (અ.જા.-૦૪, અ.જ.જા.-૦૫, અ.પ.વ.-૦૪, સામાન્ય-૧૧), રાજસ્થાન-૧૬ (અ.જા.-૦૩, અ.જ.જા.-૦૨, અ.પ.વ.-૦૨, સામાન્ય-૧૬)

♦ કુલ જગ્યાઓમાં એકમ સર્વિસમેન, શા.ખો.ખાં. ધરાવનાર ઉમેદવારો માટે નિયમોનુસાર અનામત જગ્યાઓ રહેશે.

♦ ઉમેદવારોની ભરતી રાજ્ય પ્રમાણે કરવાની હોવાથી ઉમેદવારે કોઈપણ એક રાજ્ય માટે અરજી કરવાની છે તેમજ તે રાજ્યમાં નિર્ધારીત કેન્દ્ર ઉપરથી પરીક્ષા આપવાની રહેશે.

❑ **પગાર ધોરણ :** રૂ. ૭૨૦૦-રૂ. ૨૪,૯૦૦ તદઉપરાંત ફરજના સ્થળને અનુરૂપ મોંઘવારી ભથ્થું, એચઆરએ મળવાપાત્ર છે. મેડિકલ, એલટીસી, ભાગીદારીના ધોરણે પેન્શન યોજના, ગ્રેજ્યુઈટી વગેરે જેવા લાભો બેંકના નિયમોનુસાર મળી શકશે.

❑ **વય મર્યાદા :** તા. ૦૧-૦૬-૨૦૧૦ ના રોજ સ્નાતક માટે ૧૮ થી ૨૬, બિન સ્નાતક માટે ૧૮ થી ૨૧ વર્ષ.

❑ **વય મર્યાદામાં છૂટછાટ :** અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોને પાંચ વર્ષ, અ.પ.વ.ના ઉમેદવારોને ૩ વર્ષ, શા.ખો.ખાં. ધરાવનાર ઉમેદવારોને ૧૦ વર્ષ, એક્સ સર્વિસમેન ૩ વર્ષ, વિધવા, ત્યક્તા, પતિથી કાયદેસર અલગ રહેતી અને પુનઃ લગ્ન કર્યા ન હોય તેવી મહિલાઓ ૯ વર્ષની છૂટછાટ જે તે કેટેગરીમાં મળી શકશે.

❑ **શૈક્ષણિક લાયકાત :** સામાન્ય વર્ગ/અ.પ.વ.ના ઉમેદવારો માટે ધો. ૧૨ , ૬૦ ટકા ગુણ સાથે પાસ અથવા માન્ય યુનિ.માંથી સ્નાતક થયા હોય (અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં./એક્સ સર્વિસમેન માટે ધો. ૧૨માં ૫૫ ટકા અથવા સ્નાતક)

♦ ધો. ૧૦ માં ગણિતમાં સામાન્ય વર્ગ/અ.પ.વ.ના ઉમેદવારોએ લઘુત્તમ ૬૦ ટકા (અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં./એક્સ સર્વિસમેન માટે ગણિતમાં ૫૫ ટકા) હોવી જરૂરી છે. ઉમેદવાર કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતી હોવી જરૂરી છે.

❑ **અરજી ફી / ટપાલ ખર્ચ :**

♦ અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં./એક્સ સર્વિસમેન ઉમેદવારોએ અરજી ફી તરીકે રૂ. ૨૫ અને અ.પ.વ./સામાન્ય વર્ગના ઉમેદવારોએ રૂ. ૧૦૦ ચૂકવવાના છે.

♦ અરજી ફી ચૂકવવા માટેની નિર્ધારીત ચલન બેંક ઓફ મહારાષ્ટ્રની શાખામાં ઉપલબ્ધ છે.

♦ **ઓનલાઇન અરજી કરવા અંગે :** ઉમેદવાર બેંકની કોઈપણ શાખામાં જઈ એકાઉન્ટ નંબર 60046473091 માં 'BOM CLERICAL RECRUITMENT PROJECT-2010' ના નામે અરજી ફી જમા કરાવવાની રહેશે. ઓનલાઈન અરજી વખતે બેંક દ્વારા આપવામાં આવેલ જર્નલ નંબરનો ખાસ ઉલ્લેખ કરવાનો રહેશે. નાણા ભર્યાની પહોંચની પાછળ ઉમેદવારે પોતાનું નામ, જન્મ તારીખ, સરનામું લખવું. આ પહોંચની ઝેરોક્ષ કાઢી લેવી.

♦ **ટપાલ દ્વારા અરજી કરવા અંગે :** અરજી ફોર્મ દ્વારા ટપાલથી અરજી ઈચ્છતા ઉમેદવારોએ અરજી ફી શિડ્યુઅલ કોમર્શીયલ બેંકના ડિમાન્ડ ડ્રાફ્ટ/બેંકર્સ ચેક મારફતે ચૂકવવાની છે. ડી.ડી./બેંકર્સ ચેક 'BANK OF MAHARASHTRA CLERICAL RECRUITMENT PROJECT-2010' ના નામે પુણે ખાતે ચૂકવવાની છે. ડી.ડી./બેંકર્સ ચેકની પાછળ ઉમેદવારે સ્વયંનું નામ/જન્મ તારીખ/સરનામું લખવું ડીડી/બેંકર્સ ચેક તા. ૧-૦૭-૨૦૧૦ પૂર્વે અને તા. ૨૦-૭-૨૦૧૦ બાદ ખરીદેલો ન હોવો જોઈએ.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

♦ **ઓનલાઇન અરજી :** ઉમેદવારો બેંકની વેબસાઈટ www.bankofmaharashtra.in ઉપર તા. ૨૦-૦૭-૨૦૧૦ સુધીમાં ઓનલાઈન અરજી કરી શકે છે અથવા બેંકની દર્શાવેલ વેબસાઈટ ઉપરથી અરજીફોર્મ ડાઉનલોડ કરી ભરીને નીચે દર્શાવેલ સરનામે તા. ૨૪-૦૭-૨૦૧૦ સુધીમાં મળે તે રીતે મોકલી આપવાનું રહેશે.

Bank of Maharashtra Clerical
Recruitment Project - 2010,
Post Box No. 912,
Shivajinagar,
Pune-411005.

♦ જાહેરાતની વધુ વિગત માટે બેંકની વેબસાઈટ જોવી.

●

(અનુસંધાન પાના નંબર ૫ ઉપરનું ચાલુ..)

❑ **નોકરીની શરતો અને ધારાધોરણો :**

❋ ઉમેદવારોને એસ. એસ. બી.ના સમયગાળા દરમિયાન લેફ્ટનન્ટના લઘુત્તમ મુળ પગાર પ્રમાણે પ્રતિમાસ રૂા. ૨૧૦૦૦ સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. આમ છતાં આઈ. એમ. એ. ખાતે તાલીમ માટે હાજર થયેથી સમગ્ર સ્ટાઈપેન્ડ ઉચક આપવામાં આવશે. તેઓ ટ્યુશન ફી, ટેસ્ટ બુક, રહેઠાણ, ભોજન અને અન્ય સંલગ્ન સેવાઓ બાબતે અન્ય કોઈ વિશેષાધિકારો અથવા ભથ્થાં અથવા ખર્ચ માટે હક્કદાર રહેશે નહિ.

❋ આઈ. એમ. એ.માં જોડાયાની તારીખથી તેઓ નિયમિત અધિકારીઓને મળવાપાત્ર સંપૂર્ણ પગાર અને ભથ્થાં અને અન્ય લાભ માટે હક્કદાર રહેશે.

❋ જે એન્જિનિયરીંગ ઉમેદવારો નિયત લાયકાત ધરાવતા હશે તેઓ સિનિયોરિટી, બઢતી અને પગારના ઈજાફાના હેતુસર એક વર્ષની પૂર્વ તારીખ આપવામાં આવશે.

❑ **પગાર-ભથ્થાં અને અન્ય સવલતો :**

❋ ઈન્ડિયન આર્મી લેફ્ટનન્ટનું કમિશન મળ્યા બાદ રૂા.૧૫,૬૦૦-૩૯,૦૦૦ નું પગારધોરણ અને મોંઘવારી ભથ્થું તેમજ અન્ય સવલતો જેવી કે રાહત દરે રહેઠાણની સુવિધા, ઉમેદવાર અને તેના કુટુંબ માટે વિનામૂલ્યે તબીબી સુવિધા, એલ.ટી.સી., વાર્ષિક ૬૦ દિવસની રજા, ૨૦ દિવસની પરચુરણ રજા, કેન્ટિન સુવિધા, પગારધોરણ મુજબ મળવાપાત્ર અધિકૃત રેશન, ઉમેદવારના ખર્ચે હવાઈ મુસાફરીમાં ૫૦ ટકા રાહત, વગેરે આપે છે. આર્મી ગ્રુપ ઈન્સ્યોરન્સ આઈ.એમ.એ.ના કેડેટને, આઈ.એમ.એ.માં જોડાયાની તારીખથી અથવા પ્રિકમિશન તાલીમની તારીખથી રૂા. ૩૦ લાખનું ઈન્સ્યોરન્સ કવર પૂરૂં પાડે છે.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

❋ અરજી જાહેરખબરમાં દર્શાવેલ નિયત નમુનામાં સાદા કાગળ (૩૦×૨૦ સે.મી.ની સાઈઝ)માં જ કરવી.

❋ અરજી ધરાવતા સફેદ પરબીડિયા પર મોટા અક્ષરોમાં લાલ શાહીથી જે એન્જિનિયરીંગની શાખા માટે અરજી કરી હોય તેનું નામ લખવું. દા. ત.APPLICATIONS FOR 20 UES ENTRY : MECHANICAL ENGINEERING.

❋ આપની અરજી સંબંધિત Command HQ ને નીચે આપેલ સરનામે **તા. ૩૧-૭-૨૦૧૦** પહેલાં મોકલી આપો.

❋ **ગુજરાત,** મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, ગોવા, તામિલનાડુ, દમણ, દીવ, દાદરા નગર હવેલી, પોંડીચેરી, લક્ષદ્વીપ અને કેરાળામાં અભ્યાસ કરતા ઉમેદવારોએ પોતાની અરજી HQ Southern Command (A Branch), Pune (Maharashtra), Pin-411001 ને મોકલી આપવી.

❑ **નીચે જણાવેલ ક્ષતિઓને કારણે અરજી રદ કરવામાં આવશે.**

❋ ફોટોગ્રાફ ચોંટાડવામાં આવ્યો ન હોય/સરકારી રાજ્યપત્રિત અધિકારી દ્વારા પ્રમાણિત કરાવેલ ન હોય.

❋ જન્મતારીખની ખરાઈ માટે મેટ્રિક/સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર જોડ્યું ન હોય અને આ સરકારી રાજ્યપત્રિત અધિકારી દ્વારા પ્રમાણિત કરાવ્યું ન હોય.

❋ અરજીનો પેરા ૧૨ પૂર્ણપણે ભર્યો ન હોય.

❋ ઉમેદવારે અરજી પર સહી ન કરી હોય.

❋ આચાર્યએ આપેલ પ્રમાણપત્રમાં વિદ્યાર્થીનું નામ દર્શાવેલું ન હોય.

❋ નિયત શાખા દર્શાવી ન હોય.

❋ ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓ એપ્રિલ પહેલાં અને જુલાઈ-૨૦૧૧ બાદ સ્નાતક થયા હશે તો ઉમેદવારી રદ કરવામાં આવશે.

❋ ઉપર જણાવેલાં પ્રમાણપત્રો/અરજીમાં કોઈ જાતની અસ્પષ્ટતા, પ્રમાણિત નહિ કરેલાં બિડાણો, ખોટી માહિતી આપવી કે માહિતી છુપાવવી, વગેરે જેવી બાબતો માલુમ પડશે તો ઉમેદવારોની ઉમેદવારી પસંદગીના કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે.

❑ **ઈન્ટરવ્યૂની તારીખમાં ફેરફાર :**

❋ એસ. એસ. બી. ઈન્ટરવ્યૂની તારીખમાં ફેરફારની વિનંતીને સ્વીકારવામાં આવશે નહિ તેમ છતાં ખૂબ જ અનિવાર્ય સંજોગોમાં કેસના સંજોગોને લક્ષમાં લઈને ફેરફાર કરવાની વિચારણા કરવામાં આવશે. આ એક નિયમ નહિ પણ અપવાદ રહેશે. આવા ફેરફાર માટેની વિનંતીના સમર્થનમાં ટિકિટ વિનાનું સ્વયંનું સરનામું લખેલ પરબીડિયા સાથે સરકારી રાજ્યપત્રિત અધિકારીનું પ્રમાણપત્ર, જ્યાં એસ. એસ. બી.ના ઈન્ટરવ્યૂ માટેનો કોલ અપ લેટર મોકલવામાં આવ્યો છે તે પસંદગી કેન્દ્રને અગાઉથી સમયસર મોકલવું.

❑ **નોંધ :**

❋ કોઈપણ રીતે અધૂરી અને/અથવા ફરજિયાત મોકલવાનાં પ્રમાણપત્રોની નકલો વિનાની અરજી તાત્કાલિક કાઢી નાખવામાં આવશે.

❋ જે ઉમેદવારોએ UES-19 Course માં એસ. એસ. બી. ઈન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષામાં પ્રિ ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓ તરીકે લાયકાત મેળવી છે તેઓ UES-20 Course માં ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓ તરીકે અરજી કરી શકશે નહિ. આવા વિદ્યાર્થીઓએ જો UES-20 Course માં ફાઈનલ વર્ષના વિદ્યાર્થી તરીકે અરજી કરી હોય તો પણ તેઓએ આ માટે એસ. એસ. બી.માં ઈન્ટરવ્યૂમાં હાજર રહેવું નહિ અને આ હકીકતની જાણ તેઓએ Recruiting Dte (UES-Entry), Integrated HQ MoD (Army) West Block-III, R. K. Puram, New Delhi-66 ને તેઓ ગેરલાયક ન ઠરે એ માટે કરવી.

❋ એસ. એસ. બી. ખાતે ઉમેદવારોની પસંદગી થવી એ બાબત આખરી પસંદગી નથી. આઈ. એમ. એ. ખાતે પ્રિકમિશન તાલીમ લેવા માટે જોડાયાની સૂચના શાખા મુજબ ગુણવત્તાક્રમ અને તબીબી સક્ષમતા અને દરેક શાખામાં જગાઓની સંખ્યાના આધારે આપવામાં આવશે.

❋ જાહેરખબરમાં દર્શાવેલ શરતો અને ધારાધોરણો ફેરફારને પાત્ર છે અને તેથી તેને માત્ર માર્ગદર્શિકા તરીકે જ લેખવાં.

❋ આપના પોતાના હિતમાં આપને કાનમાં મેલ, ડી. એન. એસ., હાઈડ્રોસીલી/ફિમેસીસ, રંગ પારખવાની શક્તિની ખામી, વધુ પડતું વજન/ઓછું વજન, સપ્રમાણ છાતી ન હોવી, મસા, ગાયનેકોમેસ્ટીસ, ટોન્સિલિટિઝ અને વેરીકોસિલ જેવી બિમારીઓની પ્રાથમિક તપાસ એસ. એસ. બી. ઈન્ટરવ્યૂમાં હાજર થતાં પહેલાં કરાવી લેવા સલાહ આપવામાં આવે છે.

❋ અરજી કરતાં પહેલાં ઉમેદવારોએ પોતાના હિતમાં એ વાતની ખાતરી કરી લેવી કે તેઓ, ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓના કિસ્સામાં ૧-૭-૨૦૧૧ પહેલાં અને પ્રિફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓના કિસ્સામાં ૧-૭-૨૦૧૨ પહેલાં, Addl. Directorate General of Recruiting, West Block-III, R. K. Puram, New Delhi-66 ને પોતાનાં શૈક્ષણિક પ્રમાણપત્રો, આવશ્યક એન્જિનિયરીંગ ડિગ્રી પાસ કર્યાના સમર્થનમાં રજૂ કરી શકે છે.

❋ એસ. એસ. બી. ઈન્ટરવ્યૂ માટે જે ઉમેદવારોને કોઈપણ પસંદગી કેન્દ્ર તરફથી કોલ અપ લેટર ન મળે તો તેઓએ એમ માની લેવું કે કાં તો તેમની અરજી તારવણીમાં આવી નથી અથવા પાત્રતા પામી નથી. આ બાબતે કોઈપણ પત્રવ્યવહારને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

❋ જે ઉમેદવારોની NDA, IMA અને OTA માંથી શિસ્તભંગનાં કારણોસર ઉમેદવારી રદ કરવામાં આવી હોય તેઓ આર્મીમાં કમિશન માટે અરજી કરવાની પાત્રતા ધરાવતા નથી.

❋ અરજી ફોર્મ ડાઉનલોડ કરવા માટે વેબસાઈટ www.indianarmy.nic.in. જોવી

❋ મેરીટ લિસ્ટ મે-૨૦૧૧ના છેલ્લા સપ્તાહમાં રીક્રૂટીંગ ડાયરેક્ટર, ઈન્ટીગ્રેટેડ હે.ક. MoD (Army) ખાતે મૂકવામાં આવશે. મેરીટ લિસ્ટની પૂછપરછ માટે રિક્રૂટીંગ ડાયરેક્ટરનો ટેલિફોન નં. (૦૧૧) ૨૬૧૭૩૨૧૫ પર સંપર્ક કરવોઅથવા વેબસાઈટ www.indianarmy.nic.in જોવી.

●

# ભારતીય સંરક્ષણ દળમાં

## એન્જિનિયરો માટે ઉત્કૃષ્ટ કારકિર્દી ઘડતરની તક

## ભારતીય સંરક્ષણ દળમાં પરમેનન્ટ કમિશન માટેની ૨૦મી યુનિવર્સિટી સેન્ટ્રલ સ્કીમ જુલાઈ-૨૦૧૧-૨૦૧૨ (૨૦ યુઈએસ)

**SSC(T) માટે જોડાવવા ઈચ્છુક ઉત્સાહી મહિલા ઉમેદવાર પણ UES હેઠળ અરજી કરી શકે છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧-૭-૨૦૧૦**

**જગાઓની કુલ સંખ્યા : ૬૦**

એન્જિનિયરીંગ ડિગ્રીના અપરણિત પુરુષ વિદ્યાર્થી કે જેઓ જુલાઈ ૨૦૧૧-૨૦૧૨ના સત્રમાં ફાઈનલ વર્ષ કે પ્રિ ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતા હોય તેઓ પાસેથી સંરક્ષણ દળમાં પરમેનન્ટ કમિશન આપવા માટે અરજીઓ મગાવામાં આવે છે.

❑ **સંયુક્ત મેરીટ લિસ્ટ :**

- અંતિમવર્ષના કિસ્સામાં- UES અંતર્ગત TGC/SSC (T) પુરૂષ / SSC(T) મહિલા કોર્સ માટે પસંદગી પામેલા ઉમેદવારો અને રેગ્યુલરTGC-૧૧૧, SSC (T) M- ૩૫ અનેSSC(T) W-08 માટે અરજી કરનાર ઉમેદવારોનું સંયુક્ત મેરીટ લિસ્ટ નિર્ધારીત શાખા પ્રમાણે ઉપલબ્ધ જગ્યાઓને આધારે તૈયાર કરવામાં આવશે.
- અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા હોય તેવા ઉમેદવાર જો આર્મી એજ્યુકેશન કોર્સ (AEC) માટે અરજી કરવા ઈચ્છતા હોય તો તેઓ અરજી કરવાપાત્ર નથી. કારણ કે UESએન્જિનિયરીંગ ડિગ્રી કોર્સ સાથે સબંધીત છે.
- જે ઉમેદવારો બી.ઈ./બી.ટેક. ના અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં અભ્યાસ કરતા હોય તેઓએ તા.૧૬-૮-૨૦૧૦ પહેલા, પ્રિ-ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારોના કિસ્સામાં તા.૧૬-૮-૨૦૧૧ પહેલા બી.ઈ./બી.ટેક. પરીક્ષા પાસ કર્યાની સાબીતી રિક્રુટીંગ ડાયરેક્ટોરેટને રજૂ કરવાની રહેશે. આવા ઉમેદવારોએ અરજી સાથે આચાર્ય/સંસ્થાના વડાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે, જેમાં એવો ઉલ્લેખ કરવાનો રહેશે કે દર્શાવેલ સમય પૂર્વે પરિણામ જાહેર થઈ જશે.

❑ UES માટે અરજી કરવા ઈચ્છતા ઉમેદવાર કે જેઓ અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા હોય તેઓ નીચે જણાવ્યા મુજબના કોર્સ માટેનો વિકલ્પ અપનાવી શકે છે.

❑ TGC -૧૧૩ (જુલાઈ-૨૦૧૧) શરતો અને ધોરણ રેગ્યુલર TGC-૧૧૩ કોર્સ મુજબ રહેશે.

❑ SSC (T) -૩૭ (ઓક્ટોબર-૨૦૧૧)- શરતો અને ધોરણ રેગ્યુલર SSC (T) -૩૭ કોર્સ મુજબ રહેશે.

❑ અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી અપરીણિત મહિલા ઉમેદવાર SSC (T) W-8 માટેનો વિકલ્પ અપનાવી શકે છે. શરતો અને ધોરણ ઓક્ટોબર-૨૦૧૧ થી શરૂ થતાં SSC (T) W-8 મુજબ રહેશે.

- સંરક્ષણ દળના જવાનોની વિધવાઓ (સંતાન હોય/ન હોય), સંતાન ન હોય તેવી વિધવાઓ, સંતાન ન હોય તેવી છૂટાછેડા લીધેલ મહિલાઓ SSC (T) W-08 માટે UES અંતર્ગત અરજી કરવાપાત્ર નથી. SSC (T) W-08 કોર્સ માટે ફેબ્રુઆરી-૨૦૧૧ માં આવનારી જાહેરાત માટે આવી મહિલાઓ અરજી કરી શકશે.

❑ **જગાઓ : ૬૦**

- **એન્જિનિયરીંગ શાખાઓ :**

બી.ઇ./બી.ટેક. (સિવિલ-માઈનીંગ કન્સ્ટ્રક્શન સહિત, ઈલેક્ટ્રિકલ-ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ સહિત, મિકેનિકલ-ઈન્ડસ્ટ્રીયલ/ઈન્ડસ્ટ્રીયલ એન્જિ. એન્ડ મેનેજમેન્ટ/ઓટો-મોબાઈલ, પ્રોડકશન-મેન્યુફેક્ચરીંગ/મેટાલર્જીકલ/મેટલર્જી અને એક્સપ્લોઝિવ, ઈલેક્ટ્રોનિક્સ-ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન/માઈક્રો ઈલેક્ટ્રોનિક્સ અને માઈક્રોવેવ/ઓપ્ટો ઈલેક્ટ્રોનિક્સ, કોમ્યુનિકેશન/ટેલિ. કોમ્યુ.-ECE/ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન/સેટેલાઈટ કોમ્યુનિકેશન, આર્કિટેક્ચર, ફૂડ ટેકનોલોજી/બાયો ટેકનોલોજી, કોમ્પ્યુટર સાયન્સ અને એન્જિ./ કોમ્પ્યુટર ટેકનોલોજી/કોમ્પ્યુટર સાયન્સ, આઈ. ટી., કેમિકલ એન્જિ.).

**નોંધ :** ઉપરોક્ત જગાઓ અંદાજિત છે. તેમાં ફેરફારને અવકાશ રહેલો છે.

❑ **યોગ્યતાની શરતો :**

- **રાષ્ટ્રિયતા :** ઉમેદવાર ભારતીય નાગરિક અથવા ભૂતાન/ નેપાલનો પ્રજાજન અથવા તિબેટમાંથી કાયમી વસવાટ માટે ભારતમાં ૧લી જાન્યુઆરી ૧૯૬૨ પહેલા આવેલ હોય અથવા મૂળ ભારતીય કે જેઓ પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા અને પૂર્વ આફ્રિકન દેશોમાંથી કાયમી વસવાટ માટે ભારતમાં આવેલ હોય, અને ભારત સરકાર આવી વ્યક્તિઓને યોગ્યતાનું પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ.

❑ **વયમર્યાદા :**

- UES-20 (અંતિમ વર્ષ)- ઉમેદવાર તા.૨-૭-૮૬ થી ૧-૭-૯૨ વચ્ચે જન્મેલા હોવા જોઈએ. એટલે કે, ઉમેદવારની વય ૧૯ વર્ષથી ઓછી અને ૨૫વર્ષથી વધુ હોવી ન જોઈએ.
- UES-20 (પ્રિ- ફાઈનલ યર)- ઉમેદવાર તા.૨-૭-૮૭ થી ૧-૭-૯૩ વચ્ચે જન્મેલા હોવા જોઈએ. ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૨૪ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- TGC - ૧૧૩ (જુલાઈ - ૨૦૧૧) - ઉમેદવાર તા.૨-૭-૮૪ અને ૧-૭-૯૧ વચ્ચે જન્મેલા હોવા જોઈએ. ઉંમર ૨૦ વર્ષથી ઓછી અને ૨૭ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- SSC - (T) પુરૂષ - ૩૭ (ઓક્ટોબર-૨૦૧૧)-ઉમેદવાર તા.૨-૧૦-૮૪ અને ૧-૧૦-૯૧ વચ્ચે જન્મેલા હોવા જોઈએ. ઉંમર ૨૦ વર્ષથી ઓછી અને ૨૭ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- SSC - (T) મહિલા-૦૮ (ઓક્ટોબર-૨૦૧૧)-ઉમેદવાર તા.૨-૧૦-૮૪ અને ૧-૧૦-૯૧ વચ્ચે જન્મેલા હોવા જોઈએ. ઉંમર ૨૦ વર્ષથી ઓછી અને ૨૭ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- ઉપર દર્શાવેલ વયમર્યાદા કોર્સ શરૂ થવાના સમયના રોજની ગણવાની રહેશે.
- **શૈક્ષણિક લાયકાત :** માન્ય યુનિ./સંસ્થા/કોલેજમાં ચાલતા એન્જિનિયરીંગ ડિગ્રી કોર્સના ફાઈનલ/પ્રિ. ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતા હોવા જોઇએ.

❑ **પસંદગી પ્રક્રિયા :**

- નિયત નમુનામાં તમામ અરજીઓ સંબંધિત કમાન્ડ હેડક્વાર્ટરને મોકલી આપવાની રહેશે.
- ફાઈનલ/પ્રિ ફાઈનલ વર્ષ (એન્જિનિયરીંગ)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રાથમિક પસંદગી કમાન્ડ હેડક્વાર્ટરની પસંદગી ટુકડી દ્વારા યુનિવર્સિટી/કોલેજ ખાતે પ્રાથમિક ઈન્ટરવ્યૂ યોજવા માટે કરવામાં આવશે.
- પસંદગી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારો અંડર ગ્રેજ્યુએટ હોવાનું તેમજ કોર્સનો પ્રારંભ થતી વખતે ગ્રેજ્યુએટ હોવાનું જરૂરી હોવાથી, એપ્રિલ-૨૦૧૧ પહેલાં અને જુલાઈ-૨૦૧૧ બાદ સ્નાતક બનવા ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓની તેમજ એપ્રિલ-૨૦૧૨ પહેલા અને જુલાઈ-૨૦૧૨ બાદ સ્નાતક બનતા પ્રિ-ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓની અરજીઓની વિચારણા કરવામાં આવશે નહિ.
- અરજીઓની તારવણી કરવાની બાબતમાં તેમજ અરજીઓ એસ. એસ. બી. ઈન્ટરવ્યૂ માટે પસંદગી કેન્દ્રને મોકલવાની બાબતમાં ADG Recruiting, Army HQ નો નિર્ણય આખરી રહેશે.
- આગમનના દિવસને બાદ કરતા એસ. એસ. બી. ઈન્ટરવ્યૂનો ગાળો પાંચ દિવસનો રહેશે. એસ. એસ. બી. ખાતે રોકાણ દરમિયાન ઉમેદવારોનો સાયકોલોજીકલ ટેસ્ટ, ગ્રુપ ટેસ્ટ અને ઈન્ટરવ્યૂ લેવામાં આવશે.
- પ્રથમ દિવસે ઉમેદવારોએ પસંદગી પ્રક્રિયાનો પ્રથમ તબક્કો પસાર કરવાનો રહેશે. આમાં સફળતા મેળવનાર ઉમેદવારોને જ અન્ય કસોટી માટે રોકાવાનું થશે અને પ્રથમ તબક્કામાં નિષ્ફળ જનાર ઉમેદવારોએ પ્રથમ દિવસે જ પરત જવાનું થશે.
- પ્રથમ તબક્કામાં સાયકોલોજીકલ ટેસ્ટ લેવાશે જેમાં ઈન્ટેલિજન્સ ટેસ્ટનો સમાવેશ થઈ જશે.
- જે ઉમેદવારો એસ. એસ. બી.માં યોગ્યતા મેળવશે અને મેડિકલ બોર્ડ દ્વારા જેમને શારીરિક રીતે સક્ષમ જાહેર કરવામાં આવશે તેઓને ગુણવત્તાક્રમ આપવામાં આવશે. આખરી પસંદગી તે સમયે પ્રાપ્ત જગાઓની સંખ્યાના આધારે ક્રમાનુસાર કરવામાં આવશે.
- પ્રિ-ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓને તેઓની ડિગ્રી પૂર્ણ થયાના વર્ષમાં, જે તે સમયે તેઓ તબીબી રીતે સક્ષમ હોવાનું જાણીને તેમજ જગાઓની પ્રાપ્તિના આધારે તેમજ ગુણવત્તાક્રમમાં તેઓની સ્થિતિના આધારે બોલાવવામાં આવશે.
- ફાઈનલ વર્ષ એન્જિનિયરીંગ ડિગ્રીના પસંદગી પામેલ વિદ્યાર્થીઓને તેઓની આખરી પસંદગીની તારીખથી, લેફ્ટનન્ટના દરજ્જામાં, અજમાયશ પર શોર્ટ સર્વિસ કમિશન આપવામાં આવશે. આ જ રીતે પસંદગી પામેલા પ્રિ ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓને ફાઈનલ વર્ષના વર્ગમાં તેઓ જે તારીખે જોડાય તે તારીખથી અજમાયશ પર શોર્ટ સર્વિસ કમિશન આપવામાં આવશે.
- ડિગ્રી કોર્સ સફળતાપૂર્વક પૂરો કર્યા બાદ છેવટે પસંદગી પામેલ ઉમેદવારોને ઈન્ડિયન મિલિટરી એકેડેમી, દહેરાદૂન ખાતે, ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓને જુલાઈ, ૨૦૧૧થી અને પ્રિ ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓને જુલાઈ, ૨૦૧૨ થી ૧૨ માસના સમયગાળા માટે પ્રિકમિશન તાલીમ માટે પ્રવેશ આપવામાં આવશે.

❑ **તબીબી પરીક્ષા :**

- સર્વિસ સિલેકશન બોર્ડ દ્વારા ભલામણ કરવામાં આવેલ ઉમેદવારની સર્વિસ મેડિકલ ઓફિસર્સના બોર્ડ દ્વારા તબીબી પરીક્ષા લેવામાં આવશે. મેડિકલ બોર્ડ જેમને સક્ષમ જાહેર કર્યા હોય તેઓને જ એકેડેમીમાં પ્રવેશ આપવામાં આવશે. મેડિકલ બોર્ડની કાર્યવાહી ગુપ્ત છે અને તેની જાણ કોઈને પણ કરવામાં આવશે નહિ. આમ છતાં સ્પેશ્યલ મેડિકલ બોર્ડ સક્ષમ નહિ જાહેર કરાયેલા ઉમેદવારોને મેડિકલ બોર્ડના પ્રમુખ દ્વારા જાણ કરવામાં આવશે અને આવા ઉમેદવારોને**'અપીલ મેડિકલ બોર્ડ'**માં અપીલ કરવાની પદ્ધતિની પણ જાણ કરવામાં આવશે. સક્ષમ જાહેર નહિ કરાયેલા ઉમેદવારો વધુમાં વધુ ૪૨ દિવસમાં અપીલ કરી શકે છે.
- ઉમેદવારોને એ વાતની નોંધ લેવાની સલાહ આપવામાં આવે છે કે રિક્રુટીંગ ડાયરેક્ટરેટએ અપીલ મેડિકલ બોર્ડમાં કોઈ ભાગ ભજવવાનો હોતો નથી. તબીબી સત્તાવાળાઓએ કરેલી કાર્યવાહીનું ચુસ્તપણે પાલન કરવાનું રહે છે. જે ઉમેદવારો એ. એમ. બી. દ્વારા સક્ષમ જાહેર ન થયા હોય તેઓને એ. એમ. બી.ના પ્રમુખ દ્વારા એ. એમ. બી.ના તારણોને પડકારવાની પદ્ધતિ વિષે જણાવવામાં આવશે.

❑ **શારીરિક ધોરણો : (પુરૂષ માટે)**

- ઉમેદવારોની ઓછામાં ઓછી ઉંચાઈ ૧૫૭.૫ સે.મી. હોવી જોઈએ. ગુરખાઓ તેમજ ભારતના ઉત્તર પૂર્વના પ્રદેશો, ગઢવાલ અને કુમાઉંના પર્વતીય વિસ્તારની વ્યક્તિઓની બાબતમાં લઘુત્તમ સ્વીકાર્ય ઉંચાઈ ૫ સે.મી. ઓછી ગણવામાં આવશે. લક્ષદ્વીપના ઉમેદવારોના કિસ્સામાં ઓછામાં ઓછી સ્વીકૃત ઉંચાઈમાં ૨ સે.મી.નો ઘટાડો સ્વીકૃત ગણાશે.

❑ **શારીરિક ધોરણો : (મહિલા માટે)**

- મહિલા ઉમેદવારનીઉંચાઈ ઓછામાં ઓછી ૧૫૨ સે.મી. અને વજન ૪૨ કિ.ગ્રા. હોવું જોઈએ.
- આશાસ્પદ ઉમેદવારોને પોતાની જાતે શારીરિક રીતે સક્ષમ રાખવા અને કસરત કરવાની સલાહ આપવામાં આવે છે કે જેથી તેઓ ઈન્ડિયન મિલિટરી એકેડેમી ખાતે આપવામાં આવતી સખત મિલિટરી તાલીમમાં કોઈ જાતની ઈજાથી બચી શકે. ઉમેદવારો એકેડેમી ખાતે જોડાય તે પહેલાં સક્ષમતા કેળવવા નીચે જણાવેલાં ધોરણો પ્રાપ્ત કરવા સલાહ આપવામાં આવે છે :

(અ) ૧૫ મિનિટમાં ૨.૪ કિ.મી. દોડવું. (બ) ૧૩ પુશ-અપ કરવા (ક) ૨૫ સિટ-અપ કરવા (ડ) ૬ ચિનઅપ કરવા (ઈ) ૩-૪ મીટર દોરડાની મદદથી ચઢાણ કરવું.

❑ **દૃષ્ટિનું ધોરણ :**

- દૃષ્ટિનું લઘુત્તમ સ્વિકાર્ય ધોરણ :
- દૂરની દૃષ્ટિ (સુધારેલ) સારી આંખ ૬/૬

ખરાબ આંખ ૬/૧૮

ટૂંકી દૃષ્ટિ માઈનસ ૩.૫૦ (એસ્ટિગમેટિજમ સાથે)

- જે ઉમેદવારોએ દૃષ્ટિ સુધારવા રેડિયલ કેરેટોટોમી કરાવેલ હશે અથવા તેનો પુરાવો પ્રાપ્ત થશે તો આવા ઉમેદવારોને કાયમી ધોરણે રદ કરવામાં આવશે. લેસર સર્જરી કરાવેલ ઉમેદવારોને યોગ્ય માપદંડોના આધારે નિમણૂક માટે લાયક ગણી શકાશે.
- ઉમેદવાર સારૂં માનસિક અને શારીરિક આરોગ્ય ધરાવતા હોવા જોઈએ અને ફરજ અસરકારક બજાવવામાં મુશ્કેલરૂપ બને એવી કોઈપણ ખામીથી મુક્ત હોવા જોઈએ.
- જે ઉમેદવારો પ્રથમવાર એસ. એસ. બી. ઈન્ટરવ્યૂ માટે આવતા હશે તેઓને આવવા-જવાનું બીજા વર્ગનું રેલવે/બસભાડું આપવામાં આવશે.

(અનુસંધાન પાના નંબર ૪ ઉપર)

*(અનુસંધાન પાના નંબર ૮ ઉપરનું ચાલુ..)*

''જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ'' અચૂક દર્શાવવાનું રહેશે. ટપાલ વિતરણમાં કે સ્વીકારમાં અરજી પત્રક વિલંબથી મળવાના સંજોગોમાં મંડળ જવાબદાર ગણાશે નહીં.

- ♦ ઉમેદવાર જે સંવર્ગમાં ઉમેદવારી કરવા માંગતો હોય તેજ સંવર્ગના અરજીપત્રકમાં અરજી કરવાની રહેશે. એક થી વધુ સંવર્ગમાં ઉમેદવારી કરવા માંગતા ઉમેદવારોએ અલગ-અલગ અરજીપત્રકો (જેતે સંવર્ગ માટે નિયત કરેલા) ભરવાના રહેશે.

❑ **અરજીપત્રકની ફી :-**

- ♦ બિન અનામતવર્ગના અરજદારે રૂા.૧૦/- રૂબરૂમાં રોકડા ચૂકવવાથી તથા અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના દાખલાની પ્રમાણિત નકલ રજુ કર્યેથી વિનામૂલ્યે નિયત અરજીપત્રકનું રૂબરૂમાં વિતરણ કરવામાં આવશે. જાહેરાતમાં દર્શાવેલ ત્રણે સંવર્ગ માટે અલગ-અલગ અરજીપત્રક નિયત કરેલ છે.
- ♦ બિનઅનામત વર્ગનાં ઉમેદવારોએ અરજીપત્રક ટપાલ દ્વારા મેળવવા રૂા.૧૦/-નો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડીમાન્ડ ડ્રાફ્ટ ''સચિવ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર'' ના નામનો મોકલવાનો રહેશે તેમજ રૂા.૫/-ની પોસ્ટલ સ્ટેમ્પ સાથેનું પોતાના નામ-સરનામાવાળું કવર ફરજીયાત મોકલવાનું રહેશે. જયારે અનામત વર્ગનાં ઉમેદવારે અરજીપત્રક ટપાલ દ્વારા મેળવવા માટે ફકત જાતિના દાખલાની પ્રમાણીત નકલ તેમજ રૂા.૫/-ની પોસ્ટલ સ્ટેમ્પ સાથેનું પોતાના નામ સરનામાવાળુ કવર ફરજીયાત મોકલવાનુ રહેશે. **ટપાલ દ્વારા અરજીપત્રક મેળવવાની છેલ્લી તારીખ : ૨૩/૭/૨૦૧૦ છે.** ત્યારબાદ ટપાલ દ્વારા અરજીપત્રક મેળવવા માટે મળેલ અરજી દફતરે કરવામાં આવશે અને અરજી -ફી- સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે.
- ♦ મંડળ દ્વારા પ્રિન્ટ કરાયેલ અને વિતરણ કરાયેલ અરજીપત્રક જ માન્ય ગણાશે. અન્ય ટાઈપ/ફેકસ નકલ/હસ્તલિખિત/ કોમ્પ્યુટરાઈઝ અરજીપત્રક અમાન્ય ગણીને 'રદ' કરવામાં આવશે.
- ♦ **અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૪/૮/૨૦૧૦ છે.**
- ♦ અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા.૪/૮/૨૦૧૦ નાં રોજ કચેરી સમય બાદ રૂબરૂમાં કે પોસ્ટ દ્વારા મળેલ અરજીપત્રકો અમાન્ય ઠરાવવામાં આવશે. જે અંગે મંડળની કોઈપણ જવાબદારી ગણાશે નહી.

**મંડળનું સરનામું :-**
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં.૪, ૧લો માળ, ગાંધીનગર.

❑ **પરીક્ષા ફી :-**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરની કચેરી ખાતે બિન અનામત વર્ગના અરજદારે અરજીપત્રક રૂબરૂમાં રજૂ કરતાં સમયે અરજી ફી રૂા.૧૦૦/-રોકડા ચૂકવવાની રહેશે. બિન અનામત અરજદારોએ ટપાલમાં અરજીપત્રક મોકલતા પરીક્ષા ફી પેટે રૂા.૧૦૦/-નો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડિમાન્ડ ડ્રાફ્ટ ''સચિવ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર'' ના નામનો મોકલવાનો રહેશે. (ડિમાન્ડ ડ્રાફ્ટની પાછળ અરજીપત્રક ફોર્મનો પ્રિન્ટેડ નંબર, પોતાનુ નામ અને સરનામું અચૂક દર્શાવવું) તેમજ રૂા.૫/-ની કિંમતની પોસ્ટલ સ્ટેમ્પ સાથેનું પોતાના સરનામાવાળું ખાલી કવર ફરજીયાત બિડવાનું રહેશે. અનામત વર્ગના અરજદારોએ અરજીપત્રક રૂબરૂમાં કે પોસ્ટમાં રજુ કરતાં સમયે કોઈપણ પરીક્ષા ફી ભરવાની રહેતી નથી. અરજદારોએ ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

❑ **અરજીપત્રક સાથે બીડવાના બિડાણો :-**

- ♦ જે તે સંવર્ગ માટે જાહેરાતમાં દર્શાવેલ લઘુત્તમ શૈક્ષણિક લાયકાતના આખરી વર્ષની પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ અને પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
- ♦ શાળા છોડ્યાના દાખલાની પ્રમાણિત નકલ.
- ♦ અનામત ઉમેદવારોએ જાતિ અંગે સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ થયેલ જાતિના દાખલાની પ્રમાણિત નકલ. અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાહેરાતમાં માગ્યા મુજબનુ નોન-ક્રિમિલેયર સર્ટીફિકેટની પ્રમાણિત નકલ.
- ♦ ૨૫ ૧૧ સે.મી. સાઈઝનું પોતાના નામ/સરનામાવાળું રૂા. ૫/- ની ટપાલ ટિકિટ કરેલ કવર.
- ♦ જે તે સંવર્ગમાં માગ્યા મુજબના અનુભવના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
- ♦ ટપાલથી ભરેલ અરજીપત્રક મોકલતા બિનઅનામત ઉમેદવારોએ રૂા. ૧૦૦/- ની કિંમતનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ બીડવાનો રહેશે. (જાહેરાતની કોલમ ૮માં દર્શાવ્યા મુજબ.)

❑ **અરજીપત્રક ભરવા અંગેની અગત્યની સૂચનાઓ :**

- ♦ મંડળ દ્વારા નિયત/પ્રિન્ટ કરાયેલ અને વિતરણ કરાયેલ અરજીપત્રક જ માન્ય ગણાશે, અન્ય દ્વારા પ્રિન્ટ/ટાઈપ/ હસ્તલેખિત અરજીપત્રક અમાન્ય ગણીને મંડળ દ્વારા રદ કરવામાં આવશે.
- ♦ અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૪/૮/૨૦૧૦ ના રોજ સાંજે ૧૭-૦૦ કલાક બાદ રૂબરૂમાં કે પોસ્ટ દ્વારા મળેલ અરજીપત્રકો અમાન્ય ઠરાવવામાં આવશે.
- ♦ જાહેરાતમાં દર્શાવેલ જે તે સંવર્ગની શૈક્ષણિક લાયકાત, અનુભવ અને વય નિયત તારીખે ધરાવતા ઉમેદવારોએ જ અરજીપત્રક ભરવાનું રહેશે. જરૂરી લાયકાત અને વય નહી ધરાવનાર ઉમેદવારનું અરજીપત્રક આપોઆપ રદ થશે.
- ♦ અરજીપત્રકમાં ઉમેદવારે પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડી (સ્ટેપલર કે પિન લગાડવી નહી), ફોટોગ્રાફ પર સુવાચ્ય સહી કરવાની રહેશે.
- ♦ અરજીપત્રકમાં ઉમેદવારે નિયત જગ્યાએ પોતાની સહી કરીને તેની બાજુના ખાનામાં પુરૂષ ઉમેદવારે ડાબા હાથના અંગુઠાની છાપ અને મહિલા ઉમેદવારે જમણા હાથના અંગુઠાની છાપ કરવાની રહેશે. અન્યથા અરજીપત્રક ક્ષતિયુક્ત ગણીને જે તે તબક્કે મંડળ દ્વારા 'રદ' ઠરાવવામાં આવશે.
- ♦ ટપાલમાં અરજીપત્રક મેળવવા કે ભરવા અંગેની કોઈ ફી રોકડમાં મોકલવાની નથી. અરજીપત્રક મેળવવા કે અરજીપત્રક મળ્યાની પહોંચ મેળવવા માટે પોતાના નામ સરનામાવાળું કવર અનુક્રમે રૂ.૫/- ની પોસ્ટલ સ્ટેમ્પ લગાડેલું અચૂક મોકલવું. ટપાલમાં વિલંબ બદલ મંડળ જવાબદાર રહેશે નહી તથા ટપાલથી મોકલેલ અરજી પત્રકો નિયત તારીખ પછી મળશે તો તે સ્વીકારાશે નહી જેની ઉમેદવારોએ નોંધ લેવી.
- ♦ ઉમેદવારોએ અરજીપત્રકમાં સુવાચ્ય અક્ષરોમાં પૂરેપુરી વિગતો દર્શાવવી અને નિયત જગ્યાએ પોતાની સહી કરવી. અરજીપત્રકમાં ઉમેદવારે પોતે જ પોતાની સહી/ અંગુઠાનું નિશાન કરવાનું રહેશે. ઉમેદવાર સિવાય અન્ય વ્યક્તિની સહી /અંગુઠાનું નિશાન પુરવાર થયેથી ઉમેદવારી જે તે તબક્કે 'રદ' ગણવામાં આવશે.
- ♦ ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ)માં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહય રાખવામાં આવશે નહી.
- ♦ મંડળ દ્વારા પુરા પાડવામાં આવેલ નિયત અરજીપત્રકમાં જ સુવાચ્ય અક્ષરોએ અરજી કરવાની રહેશે. સાદી કે ઝેરોક્ષ અરજી તથા અધૂરા, છેકછાકવાળા, અધૂરા બિડાણવાળા, ઓછી ફી વાળા, ઉમેદવારની પોતાની સહી અને અંગુઠાના નિશાન સિવાય કે અન્ય કોઈપણ ક્ષતિયુક્ત તથા અપૂર્ણ અરજીપત્રકો આપોઆપ રદ થયેલ ગણાશે. જે અંગે કોઈપણ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં. કે તે સંબંધેની કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

❑ **પરીક્ષા પદ્ધતિ : (જાહેરાત ક્રમાંક -૧૧/૨૦૧૦ થી ૧૪/૨૦૧૦)**

- ♦ **પ્રાથમિક લેખિત કસોટી : (ક્વોલીફાઈંગ ટેસ્ટ)**

**કુલ ગુણ-૧૦૦, કુલ પ્રશ્નો-૧૦૦, સમય-૧ કલાક**

- ♦ મંડળ દ્વારા નિયત સમય-મર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોને પ્રાથમિક લેખિત કસોટીમાં ઉપસ્થિત રહેવા દેવામાં આવશે.
- ♦ પ્રાથમિક લેખિત કસોટી જે તે જગ્યાના ભરતી નિયમો મુજબની શૈક્ષણિક લાયકાત તથા સામાન્ય જ્ઞાન આધારીત ઓ. એમ.આર.( ઓપ્ટિકલ માર્કસ રીડીગ ) પધ્ધતિની રહેશે.
- ♦ પ્રાથમિક લેખિત કસોટીમાં સામાન્ય જ્ઞાન તથા શૈક્ષણિક લાયકાતના વિષય સંબધી જ્ઞાનની ચકાસણી થશે. સામાન્ય જ્ઞાનના વિષયમાં સામાન્ય જ્ઞાન, સાંપ્રત પ્રવાહો, ગુજરાતી, અંગ્રેજી ભાષા, ગણિત, વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ વિગેરે વિષય પરત્વેના ઉમેદવારોના સામાન્ય જ્ઞાનની ચકાસણી થશે.
- ♦ પ્રાથમિક લેખિત કસોટી (કવોલીફાઈગ ટેસ્ટ) લાયકી પરીક્ષા હોવાથી પ્રાથમિક લેખિત કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણ પસંદગી / પ્રતિક્ષા યાદી તૈયાર કરતી વેળાએ ધ્યાને લેવામાં આવશે નહી.
- ♦ લેખિત કસોટીમાં મંડળ કેટેગરીવાર ઠરાવે તે લઘુતમ લાયકી ગુણ પ્રાપ્ત કરે તેવા ઉમેદવારોને મૌખિક કસોટી માટે લાયક ઠરાવવામાં આવશે.
- ♦ જગ્યાના પ્રમાણમાં મળેલ અરજીપત્રકો ને આધારે પ્રલ્થમિક લેખિત કસોટી (કવોલીફાઈગ ટેસ્ટ) લેવી કે સીધી મૌખિક કસોટી (ઈન્ટરવ્યુ ) લેવી તે અંગેનો નિર્ણય મંડળ લેશે.
- ♦ **મૌખિક કસોટી :-** કૂલ ગુણ -૧૦૦ પ્રાથમિક લેખિત કસોટી **(કવોલીફાઈગ ટેસ્ટ)**લેવાના કિસ્સામાં મંડળ ઠરાવે તે લઘુતમ લાયકી ગુણ પ્રાથમિક લેખિત કસોટીમાં મેળવનાર ઉમેદવારને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે. જાહેરાતમાં દર્શાવેલ ખાલી જગ્યા સામે પૂરતા પ્રમાણમાં અરજીઓ નહીં મળવાનાસંજોગોમાં મંડળ સીધી મૌખિક કસોટી યોજશે. મૌખિક કસોટીના કૂલ-૧૦૦ ગુણ રહેશે. ઉમેદવારે ફકત મૌખિક કસોટીમાં મેળવેલ ગુણને આધારે મંડળ દ્વારા કેટેગરીવાર મેરીટનાં અગ્રતાક્રમ મુજબ કેટેગરીવાર ખાલી જગ્યા ઉપર જે તે કેટેગરીના લાયક ઉમેદવારને નિમણૂક માટે ફાળવવા પસંદગી યાદી/પ્રતિક્ષા યાદી જાહેર કરવામાં આવશે. પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાનો મંડળનો હકક અબાધિત રહેશે.

❑ **સામાન્ય સૂચનાઓ :-**

- ♦ મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે, (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છૂપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે, (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે, (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે, (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે, (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુંક કરવા માટે, (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે, અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે.
- ♦ ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને મૌખિક કસોટી સમયે ઉમેદવારે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા 'રદ' કરવામાં આવશે. તેમજ મૌખિક કસોટી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી / નિમણૂક થયેલ હશે તો પસંદગી / નિમણૂક મંડળ દ્વારા કોઈ પણ તબકકે 'રદ' કરવામાં આવશે.
- ♦ મંડળ દ્વારા લેવાનાર પ્રાથમિક લેખિત કસોટી (કવોલીફાઈગ ટેસ્ટ) / રૂબરૂ મુલાકાતમાં ઉત્તિર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂક માટેનો હકક મળી જતો નથી. નિમણૂક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે.
- ♦ પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂક મેળવવાને પાત્ર થશે.
- ♦ ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહી, નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારું તે યોગ્ય જણાતો નથી તો તેને પડતો મૂકી શકાશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
- ♦ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મૂલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો -૧૯૬૭ અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

❑ આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

**સચિવ**

●

**(૧) સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના પર્યાવરણ અંગેના કાર્યક્રમોનું વડું મથક ક્યાં આવેલું છે ?**
(એ) કૈરો (બી) રોમ
(સી) વોશિંગ્ટન (ડી) નૈરોબી

**(૨) શ્રી ઉદયશંકર કઇ કળામાં પારંગત હતા ?**
(એ) સંગીત (બી) નૃત્ય
(સી) સાહિત્ય (ડી) અભિનય

**(3) દિલ્હીની રાજગાદી પર સૌ પ્રથમ બેસનાર મહિલા કોણ હતાં ?**
(એ) ઇન્દિરા ગાંધી (બી) રાણી લક્ષ્મીબાઇ
(સી) ચાંદબીબી (ડી) રઝિયા બેગમ

**(૪) કાગળ, કાપડ વગેરેની સેફ્ટી માટે સેફ્ટીપીનની શોધ કોણે કરી હતી ?**
(એ) ટ્રેપેરે (બી) રૂબિયાએ
(સી) વોલ્ટર હંટે (ડી) જોય બ્રાઉસે

**(૫) 'બેથલેહેમ' શું છે ?**
(એ) ખ્રિસ્તીઓનું ધાર્મિક સ્થાન (બી) પોપનું નિવાસ સ્થળ
(સી) ઇસુ ખ્રિસ્તનું જન્મ સ્થળ (ડી) પાદરીઓનું દવાખાનું

**(૬) વર્લ્ડ બેંકની સ્થાપના ક્યારે થઇ હતી ?**
(એ) ડિસેમ્બર-૧૯૫૪માં(બી) ડિસેમ્બર-૧૯૪૫માં
(સી) ઓક્ટોબર-૧૯૫૪માં (ડી) ઓક્ટોબ-૧૯૪૫માં

(૭) ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર બાબુનો જન્મદિન કયો ?
(એ) ૩-૧૨-૧૮૮૪ (બી) ૧૩-૧-૧૮૮૫
(સી) ૨૩-૨-૧૮૮૬ (ડી) ૩૦-૩-૧૮૮૭

**(૮) હાવરા-જમ્મુતાવી વચ્ચે દોડનારી ટ્રેનનું નામ શું છે ?**
(એ) નવજીવન એક્સ. (બી) વિક્રમશીલા એક્સ.
(સી) હિમગિરી એક્સ. (ડી) નંદનવન એક્સ.

(૯) ફિલ્મ કલાકાર 'વિજય આનંદ'ની પ્રથમ ફિલ્મ કઇ હતી?
(એ) આબુ રોડ (બી) કાલા બાઝાર
(સી) આગ્રા રોડ (ડી) લાલ બઝાર

**(૧૦) હિન્દી ભાષાના કયા પ્રસિધ્ધ કવિના સુપુત્ર મશહૂર ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચન છે ?**
(એ) વિવેકીરાય (બી) લાજપતરાય
(સી) હરિવંશરાય (ડી) બચ્ચન સિંહ

**(૧૧) ૧૧ થી ૧૫ વર્ષ સુધીની ઉંમરના છોકરાને શું કહીશું ?**
(એ) તરૂણ (બી) શિશુ
(સી) કિશોર (ડી) કુમાર

**(૧૨) ઓસ્કાર એવોર્ડ તરીકે અપાતા ધાતુના બનેલા યોધ્ધાના પૂતળાનું વજન કેટલા પાઉન્ડ છે ?**
(એ) ૮.૫ (બી) ૮
(સી) ૯ (ડી) ૯.૫

**(૧૩) ભારતનું મોટું રણ ક્યાં સુધી વિસ્તરેલ છે ?**
(એ) રાજ. થી પંજાબની ઉત્તર સીમા સુધી
(બી) કચ્છના રણથી લુણી નદીની ઉત્તર સુધી
(સી) મધ્ય રાજસ્થાનથી કાશ્મીરની દક્ષિણ સુધી
(ડી) મધ્ય રાજ. થી દક્ષિણ હરિયાણા સુધી

**(૧૪) ' માતંગ ' - એટલે કયું પ્રાણી થાય ?**
(એ) ઘોડો (બી) હાથી
(સી) ઉંટ (ડી) ભેંસ

**(૧૫) ખગોળ વિજ્ઞાનનો વિખ્યાત ગ્રંથ 'સૂર્યસિધ્ધાંત કોણે રચ્યો હતો ?**
(એ) ચરકે (બી) નાગાર્જુને
(સી) વરાહમિહિરે (ડી) આર્યભટ્ટે

**(૧૬) ' નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા ' - ક્યાં આવેલી છે ?**
(એ) કોલકતા (બી) વિશાખાપટ્ટનમ
(સી) અમદાવાદ (ડી) નવી દિલ્હી

**(૧૭) ' એનીમોમીટર ' -શાની સાથે સંકળાયેલું છે ?**
(એ) પવનના વેગ અને દિશા (બી) વિદ્યુત પાવર
(સી) શરીરના તાપમાન (ડી) વિદ્યુત પ્રવાહ

**(૧૮) અંગ્રેજ અમલ દરમિયાન ભારતની ગરીબી તરફ પ્રથમ વખત ધ્યાન ખેંચનાર કોણ હતા ?**
(એ) દાદાભાઇ નવરોજી (બી) ગાંધીજી
(સી) લોકમાન્ય તિલક (ડી) સુભાષચંદ્ર બોઝ

**(૧૯) મા સરસ્વતીનું વાહન ગણાતું પક્ષી કયું ?**
(એ) ગરૂડ (બી) ઢેલ
(સી) કબૂતર (ડી) મોર

**(૨૦) ઇજીપ્ત દેશનો સ્વાતંત્ર્ય દિવસ કયો ?**
(એ) ૨૦-જૂન (બી) ૨૦-જુલાઈ
(સી) ૨૩-જુલાઈ (ડી) ૧૨-સપ્ટેમ્બર

**(૨૧) ૧૯૬૦-૬૩ સમયગાળા દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી પદે રહેનાર કોણ હતા ?**
(એ) બળવંતરાય મહેતા (બી) ઘનશ્યામભાઈ ઓઝા
(સી) ડૉ. જીવરાજ મહેતા (ડી) હિતેન્દ્રભાઈ દેસાઈ

**(૨૨) ઉધઇના ઘરને શું કહે છે ?**
(એ) દર (બી) ગમાણ
(સી) રાફડો (ડી) ગલિયારું

**(૨૩) ફાયર એક્સિટન્વિશર (આગ ઓલવવાળું સાધન) માં કયો વાયુ હોય છે ?**
(એ) કાર્બન ડાયોક્સાઈડ (બી) કાર્બન મોનોક્સાઈડ
(સી) નાઈટ્રોઝન (ડી) ઓક્સિજન

**(૨૪) માણેક (રૂબી) રત્નનો રંગ કેવો હોય ?**
(એ) કેસરી (બી) લાલ
(સી) વાદળી (ડી) પીળો

**(૨૫) જ્ઞાનપીઠ એવોર્ડ જેમને મળેલો એ ગુજરાતી નવલકથાકાર કોણ ?**
(એ) પન્નાલાલ પટેલ (બી) અશ્વિની ભટ્ટ
(સી) જયંત પાઠક (ડી) મણિશંકર ભટ્ટ

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર
**હેમંત પટેલ**

**(૨૬) ભારતનાં લોકસભાનાં પ્રથમ મહિલા સ્પીકર કોણ હતાં ?**
(એ) સુશિલા નાયર (બી) રમીલા રાનડે
(સી) શીલા ગોર (ડી) મીલા પાંડે

**(૨૭) માપન માટેની મેટ્રિક સિસ્ટમ ભારતે કયા વર્ષમાં અપનાવી ?**
(એ) ૧૯૬૪ (બી) ૧૯૫૧
(સી) ૧૯૬૧ (ડી) ૧૯૫૬

**(૨૮) ઉત્તર અને પશ્ચિમ દિશાની વચ્ચે આવેલો ખૂણો કયો ?**
(એ) અગ્નિ (બી) ઈશાન
(સી) વાયવ્ય (ડી) નૈઋત્ય

**(૨૯) લોહીની શુધ્ધિ માટે કયું વિટામીન જરૂરી છે ?**
(એ) ડી (બી) સી
(સી) બી (ડી) એ

**(૩૦) નાણાંપંચના અધ્યક્ષની નિમણૂક કોણ કરે છે ?**
(એ) આર.બી.આઈના ગવર્નર (બી) નાણાં મંત્રી
(સી) વડાપ્રધાન (ડી) રાષ્ટ્રપતિ

**(૩૧) મધ્ય પ્રદેશમાં આવેલું કાન્હા નેશનલ પાર્ક કયા પ્રાણી માટે જાણીતું છે ?**
(એ) સિંહ (બી) વાઘ
(સી) ગેંડા (ડી) ચિત્તા

**(૩૨) ભક્ત પ્રહલાદને તારનાર વિષ્ણુનો અવતાર કયો ?**
(એ) કલ્કિ (બી) નરસિંહ અવતાર
(સી) કૃષ્ણ (ડી) રામ

**(૩૩) કંકણ, કડું માટે કયો પર્યાય થશે ?**
(એ) કલય (બી) મલય
(સી) જલય (ડી) વલય

**(૩૪) જગતમાં નાટ્યશાસ્ત્રના પ્રથમ લેખક કોણ હતા ?**
(એ) ચરક (બી) ચાણક્ય
(સી) ભરતમુનિ (ડી) કૌટિલ્ય

**(૩૫) ગુજરાતમા હડપ્પા સંસ્કૃતિના અવશેષો કયા સ્થાને મળ્યા છે ?**
(એ) લોથલમાં (બી) ધોરાવીરામાં
(સી) વડનગરમાં (ડી) પાટણમાં

**(૩૬) ૫૫,૦૦૦ થી પણ વધુ તળાવો ધરાવતો દેશ કયો ?**
(એ) સ્વિડન (બી) બ્રાઝિલ
(સી) ફિનલેન્ડ (ડી) ઝિમ્બાબ્વે

**(૩૭) નર્મદા નદીનું મૂળ ક્યાં આવેલું છે ?**
(એ) હરદ્વાર (બી) વારાણસી
(સી) અમરકંટક (ડી) રૂરકા

**(૩૮) '' જરા નજરોંસે કહ દો ''... (બીસ સાલ બાદ)આ ગીતના ગાયક કોણ હતા ?**
(એ) કિશોરકુમાર (બી) હેમંતકુમાર
(સી) તલત મહેમૂદ (ડી) મોહમ્મદ રફી

**(૩૯) પરમાણુ અંક-૧૯ ધરાવતું તત્વ કયું ?**
(એ) નિયોબિયમ (બી) પોટેશિયમ
(સી) ગેલિયમ (ડી) ઈરિડિયમ

**(૪૦) પોર્ટ ઓ પ્રિન્સ એ કયા દેશની રાજધાની છે ?**
(એ) સિરિયા (બી) હૈતી
(સી) હોન્ડુરાસ (ડી) સાયપ્રસ

**(૪૧) વિશ્વમાં નોબેલ પુરસ્કાર શરૂ કરનાર આલ્ફ્રેડ નોબલનો જન્મ કયા વર્ષમાં થયો હતો ?**
(એ) ૧૮૪૧ (બી) ૧૮૩૯
(સી) ૧૮૩૩ (ડી) ૧૮૩૦

**(૪૨) સેન્ટ લ્યૂસિયામાં આવેલું વર્લ્ડકપ માટેનું સ્ટેડિયમ કયું ?**
(એ) ક્વિન્સ પાર્ક (બી) વોર્નરપાર્ક
(સી) બેસજોર (ડી) સર વિવિયન રિચર્ડસ

**(૪૩) ' હરિનો મારગ છે શૂરાનો'...ના કવિ કોણ હતા ?**
(એ) મીરાં (બી) અખો
(સી) ભોજો (ડી) પ્રિતમ

**(૪૪) ૧૯૨૮માં રણજિતરાય સુવર્ણચંદ્રક કોને મળ્યો હતો ?**
(એ) રવિશંકર રાવળ (બી) ગિજુભાઈ બધેકા
(સી) વિજયરાજ વૈદ્ય (ડી) ઝવેરચંદ મેઘાણી

**(૪૫) ભારત દેશનાં બધાં જ રાજ્યોના થઈને કેટલાં જિલ્લા છે?**
(એ) ૪૯૮ (બી) ૫૩૯
(સી) ૬૪૦ (ડી) ૭૭૧

**(૪૬) સેન્સસ(વસતિ ગણતરી)-૨૦૧૧ના ફોર્મ કઈ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા બનાવાયાં છે ?**
(એ) NIFT (બી) IIM
(સી) NID (ડી) IRMA

**(૪૭) ૧૯૭૭માં ભારતના રાષ્ટ્રપતિ બનનાર મહાનુભાવ કોણ હતાં ?**
(એ) ડૉ. નિલમ સંજીવરેડ્ડી (બી) વી. વી. ગિરિ
(સી)ડૉ. રાધાકૃષ્ણન્ (ડી) ઝૈલસિંહ

**(૪૮) 'તાયચૂન'-એ શાની એક જાત છે ?**
(એ) મકાઈની (બી) બાજરીની
(સી) ચોખાની (ડી) સોયાબીનની

**(૪૯) ભારતનાં કયા રાજ્યમાં સોનાની ખાણો આવેલી છે ?**
(એ) બિહાર (બી) અરૂણાચલપ્રદેશ
(સી) હિમાચલપ્રદેશ (ડી) કર્ણાટક

**(૫૦) માનવ શરીરનું કિડની - મૂત્રપિંડ અંગ એ શરીરમાં શાની સમતુલા જાળવે છે ?**
(એ) પાણીની (બી) લોહીની
(સી) હવાની (ડી)ગરમીની

## જવાબ

**(૧) નૈરોબી (૨) નૃત્ય (૩) રઝિયા બેગમ (૪) વોલ્ટર હંટે (૫) ઇસુ ખ્રિસ્તનું જન્મસ્થાન (૬) ડિસેમ્બર - ૧૯૪૫માં (૭) ૩-૧૨-૧૮૮૪ (૮) હિમગિરી એક્સપ્રેસ (૯) આગ્રા રોડ (૧૦) હરિવંશરાય (૧૧) કિશોર (૧૨) ૮.૫ (૧૩) કચ્છના રણથી લુણી નદીની ઉત્તર સુધી (૧૪) હાથી (૧૫) આર્યભટ્ટે (૧૬) નવી દિલ્હી (૧૭) પાવરના વેગ અને દિશા (૧૮) દાદાભાઈ નવરોજી (૧૯) મોર (૨૦) ૨૩ જૂલાઈ (૨૧) ડૉ. જીવરાજ મહેતા (૨૨) રાફડો (૨૩) કાર્બન ડાયોકસાઇડ (૨૪) લાલ (૨૫)પન્નાલાલ પટેલ (૨૬) સુશીલા નાયર (૨૭) ૧૯૫૬ (૨૮) વાયવ્ય (૨૯) એ (૩૦) રાષ્ટ્રપતિ (૩૧) વાઘ (૩૨)નરસિંહ અવતાર (૩૩)વલય (૩૪) ભરતમુનિ (૩૫) લોથલમાં (૩૬) ફિનલેન્ડ(૩૭) અમર કંટક (૩૮) હેમંતકુમાર (૩૯) પોટેશિયમ (૪૦) હૈતી (૪૧) ૧૮૩૩ (૪૨) બેસજોર (૪૩) પ્રીતમ (૪૪) ઝવેરચંદ મેઘાણી (૪૫) ૬૪૦ (૪૬) NID (૪૭) ડૉ.નીલમ સંજીવ રેડ્ડી (૪૮) ચોખાની (૪૯) કર્ણાટક(૫૦) પાણીની**

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ : ગાંધીનગર

## પ્લાનીંગ આસિસ્ટન્ટ સહિતના સંવર્ગ માટે ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૪-૦૮-૨૦૧૦**

**જગ્યાની કુલ સંખ્યા : ૮૩**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર દ્વારા મુખ્ય નગર નિયોજક, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તથા નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગરના નિયંત્રણ હેઠળની કચેરીઓમાં હસ્તકની નીચે દર્શાવ્યા મુજબની વર્ગ-૩ની વિવિધ સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

- ♦ અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના ઉમેદવારો માટે જ અનામત છે.
- ♦ મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા તે જ કેટેગરીના લાયક પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

❑ **પગાર ધોરણ :-** નાણાં વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ના ઠરાવ ક્રમાંક : ખરચ-૨૦૦૨- ૫૭-ઝેડ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ માટે નિયત ફીક્સ પગાર મળશે અને સામાન્ય વહીવટ વિભાગનાં તા.૪-૬-૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર- ૧૧૨૦૦૮- ૪૩૩૭૧૭ -ગ.૫ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલી વ્યક્તિ પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના ધારધોરણ મુજબ મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂક મેળવવાને પાત્ર થશે.

❑ **રાષ્ટ્રીયતા :-** ઉમેદવાર ભારતનો નાગરિક હોવા જોઈએ.

❑ **સંવર્ગ પ્રમાણે જગ્યા અને પગાર ધોરણની વિગતો નીચે મુજબ છે.**

જનજાતિના કિસ્સામાં જો મંડળને એવું જણાય કે પૂરતા અનુભવ ધરાવતા ઉમેદવાર જગ્યા ભરવા માટે ઉપલબ્ધ થતા નથી તો તેવા કિસ્સામાં અનુભવ અંગે છુટછાટ આપવા મંડળને અધિકાર રહેશે.

❑ **જગ્યાનું નામ : આસિસ્ટન્ટ ટાઉન પ્લાનીંગ ડ્રાફ્ટસમેન (જા. ક્રમાંક : ૧૩/૨૦૧૦)**

❑ **વયમર્યાદા : શૈક્ષણિક લાયકાત :**

- ♦ ઉમેદવાર ૨૮ વર્ષથી વધુ ઉંમરનો ન હોવો જોઈએ.
- ♦ આસિસ્ટન્ટ ટાઉન પ્લાનીંગ ડ્રાફ્ટસમેન માટે ગુજરાત સામાન્ય સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) પ્લાનીંગ નિયમો-૧૯૬૭ મુજબ રાજ્ય સરકારમાં હાલ સેવા બજાવતા નિયમિત પગારધોરણ મેળવતા કર્મચારીઓ ડ્રાફ્ટસમેન ઉમેદવારી નોંધાવશે તો તેઓને ઉપલી વયમર્યાદામાં નિયમો મુજબની છુટછાટ મળશે.
- ♦ (૧) ગુજરાત રાજ્ય ટેકનીકલ શિક્ષણ બોર્ડ દ્વારા માન્ય ૩ વર્ષનો આર્કિટેકચરલ આસિસ્ટન્ટ શીપનો ડિપ્લોમા અથવા સિવિલ એન્જિનિયરીંગમાં ડિપ્લોમા કરેલ હોવો જોઈએ. અથવા (૨) નેશનલ કાઉન્સિલ વોકેશનલ ટ્રેડ દ્વારા ડ્રાફ્ટસમેન શીપ (સિવિલ) ના પ્રમાણપત્ર સાથે નગર આયોજન અથવા આર્કિટેકચર કામનો આશરે બે વર્ષનો અનુભવ મેળવેલ હોવો જોઈએ. **પરંતુ** - અનુસુચિત જાતિ અથવા અનુસુચિત જનજાતિના કિસ્સામાં જો મંડળને એવું જણાય કે પૂરતા અનુભવ ધરાવતા ઉમેદવાર જગ્યા ભરવા માટે ઉપલબ્ધ થતા નથી તો તેવા કિસ્સામાં અનુભવ અંગે છુટછાટ આપવા મંડળને અધિકાર રહેશે.

| જા.ક્રમ | ખાતાના વડાનુ નામ | વર્ગ-૩ સંવર્ગ | જનરલ | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જનજાતિ | | સા.શૈ.પ.વર્ગ | | કુલ | ફીક્સ પગાર રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | | |
| ૧૧/૨૦૧૦ | મુખ્યનગર નિયોજક, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ | પ્લાનીંગ આસિસ્ટન્ટ | ૨૩ | ૧૦ | ૩ | ૨ | ૬ | ૩ | ૧૬ | ૮ | ૭૧ | ૬૦૦૦/- |
| ૧૨/૨૦૧૦ | ઉપર મુજબ | પ્લાનીંગ આસિસ્ટન્ટ (બેકલોગ) | - | - | - | - | ૩ | ૧ | - | - | ૪ | ૬૦૦૦/- |
| ૧૩/૨૦૧૦ | ઉપર મુજબ | આસિસ્ટન્ટ ટાઉન પ્લાનીંગ ડ્રાફ્ટસમેન | ૩ | ૧ | - | - | ૧ | - | ૧ | - | ૬ | ૪૫૦૦/- |
| ૧૪/૨૦૧૦ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી | હેડ મીકેનીક | ૨ | - | - | - | - | - | - | - | ૨ | ૫૦૦૦/- |

❑ **જગ્યાનું નામ : પ્લાનીંગ આસિસ્ટન્ટ (જા. ક્રમાંક : ૧૧અને ૧૨/૨૦૧૦)**

❑ **વયમર્યાદા : શૈક્ષણિક લાયકાત :**

- ♦ ઉમેદવારની ઉંમર ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૨૮થી વધુ ન હોવી જોઈએ.
- ♦ પ્લાનીંગ આસિસ્ટન્ટ માટે ગુજરાત સામાન્ય સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો-૧૯૬૭ મુજબ રાજ્ય સરકારમાં હાલ સેવા બજાવતા નિયમિત પગારધોરણ મેળવતા કર્મચારીઓ ઉમેદવારી નોંધાવશે તો તેવા તેમજ વિશેષ સારી લાયકાત અથવા અનુભવ અથવા બન્ને ધરાવતા હોય તેવા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમો મુજબની છુટછાટ મળશે.
- ♦ (૧) ગુજરાત રાજ્ય ટેકનીકલ શિક્ષણ બોર્ડ દ્વારા માન્ય ૩ વર્ષનો આર્કિટેકચરલ આસિસ્ટન્ટ શીપનો ડિપ્લોમા અથવા સિવિલ એન્જિનિયરીંગમાં ડિપ્લોમા કરેલ હોવો જોઈએ. અથવા (૨) નેશનલ કાઉન્સિલ વોકેશનલ ટ્રેડ દ્વારા ડ્રાફ્ટસમેન શીપ (સિવિલ) ના પ્રમાણપત્ર સાથે નગર આયોજન અથવા આર્કિટેકચર કામનો આશરે બે વર્ષનો અનુભવ મેળવેલ હોવો જોઈએ. **પરંતુ** - અનુસુચિત જાતિ અથવા અનુસુચિત

❑ **જગ્યાનું નામ : હેડ મીકેનીક (જા. ક્રમાંક : ૧૪/૨૦૧૦)**

❑ **વયમર્યાદા : શૈક્ષણિક લાયકાત :**

- ♦ ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહી અને ૨૯ વર્ષ થી વધુ ન હોવી જોઈએ.
- ♦ (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમ હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈમાંથી અથવા તે તરીકે માન્ય બીજી કોઈ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ-૧૯૫૬ની કલમ-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે ગણાતી હોવાનુ જાહેર થયેલી યુનિવર્સિટીની ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ અથવા મિકેનિકલ અથવા મિકેટ્રોનિક્સ એન્જિનિયરીંગની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે અને

  (૨) ઓછામાં ઓછા દસ મશીનો ધરાવતા કોઈપણ ઉદ્યોગમાથી એક વર્ષનો અનુભવ ધરાવતો જોઈશે.

  **અથવા**

- ♦ (૧) સરકારે માન્ય કરેલી સંસ્થામાંથી મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા મિકેટ્રોનિકસમાં ડિપ્લોમા અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે.

  (૨) ઓછામાં ઓછા દશ મશીનો ધરાવતા કોઈપણ ઉદ્યોગમાંની તમામ પ્રકારની મશીનરીના ઈરેકશન (નિર્માણ), ઈન્સ્ટોલેશન(સ્થાપન), ડિસ્મેંટલીંગ અને રિપેર્સ (મશામત) નો ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે. અને અદ્યતન લેથ મશીન સંબંધીત યંત્રપ્રણાલી ઉપર કામ કરવાની ક્ષમતા, મશીનોના ઈન્સ્ટોલેશન અને ટર્નિંગ, ડ્રિલિંગ, ફિલિંગ અને ફિટિંગ ઓપરેશનોને લગતો અનુભવ ધરાવતો હોવો જોઈશે.

- ♦ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવેલી કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.
- ♦ ગુજરાતી અને / અથવા હિન્દીનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે. પરંતુ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપી શકાશે.

❑ **વયમર્યાદામાં છૂટછાટ :-** વખતો વખત સુધાર્યા પ્રમાણે ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર જે ઉમેદવારો ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારોની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર છૂટછાટ મુકી શકાશે. ઉપલી વયમર્યાદામાં નિયમાનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઈપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષ કરતાં વધવી જોઈશે નહી.

- ♦ મૂળ ગુજરાતના હોય તેવા તમામ અનામત વર્ગોના તથા મહીલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે. (૧) સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારોને ૫ વર્ષ (૨) તમામ અનામત વર્ગમાં પુરૂષ ઉમેદવારોને ૫ વર્ષ (૩) તમામ અનામત વર્ગની મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ (૫ વર્ષ મહિલા + ૫ વર્ષ અનામત વર્ગ).
- ♦ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો નાણાંકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦નું નોનક્રીમીલેયર સર્ટીફીકેટ તા.૧/૪/૨૦૧૦ થી તા.૦૪/૦૮/૨૦૧૦ દરમ્યાન મેળવેલ હશે તો જ ઉપલી વયમર્યાદામાં છુટછાટનો લાભ મળશે. અન્યથા તેઓએ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે તેમ ગણવામાં આવશે અને તેવા ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળી શકશે નહી.

❑ **કોમ્પ્યુટરની જાણકારી :-** ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહિવટ વિભાગના તા. ૧૩-૮-૨૦૦૮ ના સરકારી ઠરાવ નંબર-સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. **અથવા** સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે. અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી 'રદ' કરશે.

❑ **શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા/વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ :-**

- ♦ જાહેરાતમાં દર્શાવેલ બન્ને સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને નોન-ક્રીમીલેયર સર્ટીફિકેટ અને અન્ય જરૂરી લાયકાત માટે તા.૪/૦૮/૨૦૧૦ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

❑ **અરજીપત્રક વિતરણ અને સ્વીકાર :-**

- ♦ મંડળ દ્વારા પ્રિન્ટ કરાયેલ નિયત **અરજીપત્રકનું વિતરણ અને સ્વીકાર ગાંધીનગર ખાતે આવેલી મંડળની કચેરીએથી તા.૧૪/૭/૨૦૧૦ થી તા.૪/૮/૨૦૧૦ સુધી કામકાજના દિવસોમાં સવારે ૧૧-૦૦ થી સાંજે ૧૭-૦૦ કલાક દરમ્યાન રૂબરૂમાં કરવામાં આવશે.** (રિસેસ સિવાય) (જાહેર રજાઓ સિવાય)
- ♦ ઉમેદવારે અરજીપત્રક ટપાલ દ્વારા મેળવવા કે ભરેલ અરજીપત્રક મંડળને ટપાલમાં મોકલતી વખતે કવર પર

(અનુસંધાન પાના નંબર ૬ ઉપર)

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત.